


# ક્રમબદ્ધ પુરુષાર્થ

પંડિત ફૂલચંદ શાસ્ત્રી



## સ્મરણાર્થ

**શ્રી સુમનલાલભાઈ કાલીદાસભાઈ મહેતા**

## આર્થિક સહયોગ

**શ્રીમતી શોભનાબેન અશ્વિનભાઈ મહેતા**

**તથા**

**શ્રી અશ્વિનભાઈ સુમનલાલ મહેતા**

**મુંબઈ.**





# ક્રમબદ્ધ પુરુષાર્થ

卐 લેખક 卐

પંડિત ફૂલચંદ શાસ્ત્રી

卐 અનુવાદક 卐

શ્રીમતી શોભનાબેન અશ્વિનભાઈ મહેતા

પ્રકાશક

આધ્યાત્મિક સાધના કેન્દ્ર

ઉમરાળા, જિ. ભાવનગર, ગુજરાત. ફોન : +91-2843-235203

Website : www.fulchandshastri.com

E-mail : ask@fulchandshastri.com




પ્રથમ આવૃત્તિ : વૈશાખ સુદ ૨, ૨૦૭૦ પ્રત : ૧૦૦૦

પ્રાપ્તિ સ્થાન : આધ્યાત્મિક સાધના કેન્દ્ર

ઉમરાળા, જિ. ભાવનગર (ગુજરાત)

ફોન : +91-2843-235203

Website : www.fulchandshastri.com

E-mail : ask@fulchandshastri.com

મુદ્રક : મલ્ટી ગ્રાફિક્સ

18, ખોતાચી વાડી, વર્ધમાન બિલ્ડીંગ, 3જે માળે, પ્રાર્થના સમાજ,
વી. પી. રોડ, મુમ્બઈ-400 004. ફોન : 23884222 / 23873222.
Website : multygraphics.com ● shrutgyan.com

મૂલ્ય : ૨૫ રૂપિયા



ક્રમબદ્ધ પુરુષાર્થના બળ પર

નિર્વિકલ્પ આત્માનુભૂતિ ને

ઉપલબ્ધ સમસ્ત

સમ્યગ્દ્રષ્ટી જ્ઞાની ધર્માત્માઓને

**સવિનય સમર્પિત**

નિર્વિકલ્પ
આત્માનુભૂતિ

# પ્રકાશકીય

પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે આદરણીય વિદ્વાન શ્રી પંડિત ફૂલચંદભાઈ શાસ્ત્રી દ્વારા લખાયેલી ''ક્રમબદ્ધ પુરુષાર્થ'' પુસ્તક પ્રકાશિત કરતા આધ્યાત્મિક સાધના કેન્દ્ર પરિવાર અત્યંત હર્ષનો અનુભવ કરે છે. આ પુસ્તક પૂર્વે પણ લેખકની અનેક રચનાઓનું પ્રકાશન આત્યાત્મિક સાધના કેન્દ્ર, ઉમરાળા દ્વારા વિગત અનેક વર્ષોથી થઈ રહ્યું છે. વિશ્વની અનેક ભાષાઓમાં પ્રકાશિત પંડિત શ્રી ફૂલચંદભાઈ શાસ્ત્રીની અનેક રચનાઓના માધ્યમથી દેશ-વિદેશોમાં વીતરાગી અને સર્વજ્ઞ ભગવાન દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનનો પ્રચાર-પ્રસાર થતો રહે છે.

''ક્રમબદ્ધ પુરૂષાર્થ''નો સ્વાધ્યાય કરનાર સમસ્ત સાધક જીવો માટે મંગળ ભાવના ભાવુ છું કે તેઓ આ પુસ્તકનો સ્વાધ્યાય કરીને ક્રમબદ્ધપર્યાય અને પુરુષાર્થનું સ્વરૂપ સમજે. આ પુસ્તકના પ્રકાશન કાર્યમાં શ્રીમતી શોભનાબેન અશ્વિનભાઈ મહેતાનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. સાથે-સાથે શ્રી અશ્વિનભાઈ સુમનલાલ મહેતાએ ''ક્રમબદ્ધ પુરુષાર્થ''નું વિશેષ અધ્યયન કરીને આ પુસ્તકની પ્રસ્તાવના પણ લખી છે. આ બદલ આધ્યાત્મિક સાધના કેન્દ્ર, ઉમરાળા તરફથી હું તેઓશ્રીનો ભાવ સહિત આભાર વ્યક્ત કરૂં છું.

મલ્ટી ગ્રાફિક્સે ''ક્રમબદ્ધ પુરુષાર્થ''નું મુદ્રણ કરીને આપના કરકમલો સુધી પહોંચાડવામાં હૃદયપૂર્વક સહયોગ આપ્યો છે, તે બદલ આધ્યાત્મિક સાધના કેન્દ્ર પરિવાર મલ્ટી ગ્રાફિક્સનો આભાર વ્યક્ત કરે છે. સાથે-સાથે જે પણ મહાનુભાવોનો આ પુસ્તકના પ્રકાશનમાં પ્રત્યક્ષ અને પરોક્ષરૂપે સહયોગ પ્રાપ્ત થયો છે, તે સમસ્ત મહાનુભાવોને ધન્યવાદ આપું છું અને ભાવના ભાવુ છું કે વીતરાગી વાણીનો પ્રચાર-પ્રસાર સદાય થતો રહે.

– ધર્મેન્દ્રભાઈ કિશોરભાઈ જૈન

**આધ્યાત્મિક સાધના કેન્દ્ર,**

**ઉમરાળા**

# પ્રસ્તાવના

શ્રી પંડિત ફૂલચંદભાઈ શાસ્ત્રી જૈન તથા જૈનેત્તર સમાજમાં સુપ્રસિદ્ધ આત્માર્થી વિદ્વાન છે. અલ્પવયમાં જ અનેક વર્ષોથી તેમણે મુંબઈ સહિત દેશ-વિદેશોમાં અનેકાનેક પ્રવચન અને પુસ્તકોના માધ્યમથી જૈન તત્ત્વજ્ઞાનને લોકો સુધી પહોંચાડ્યું છે. તદુપરાંત પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજીસ્વામીની જન્મભૂમિ ઉમરાળામાં તેમના દ્વારા આધ્યાત્મિક સાધના કેન્દ્રમાં ચાલી રહેલું જૈન તત્ત્વજ્ઞાનના પ્રચારનું કાર્ય ખૂબ જ પ્રશંસનીય અને અનુમોદનીય છે.

વર્તમાન કળિકાળમાં દુનિયામાં જ્ઞાની તો કોઈ વિરલા જ છે. એટલું જ નહીં, પણ સંયોગ અને સંયોગીભાવોથી ભિન્ન હું ભગવાન આત્મા છું, આ સત્ય સ્વરૂપનું જ્ઞાન પણ કોઈક જ સૌભાગ્યશાળી જીવોને પ્રાપ્ત થયું છે.

''ક્રમબદ્ધ પુરુષાર્થ'' નામના આ પુસ્તકમાં પંડિતજીએ પુરુષાર્થનું વાસ્તવિક સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. ભગવાન આત્માની નિર્વિકલ્પ અનુભૂતિ થયા બાદ જ ક્રમબદ્ધ પર્યાયની સાચી શ્રદ્ધા થાય છે.

આત્મા કોઈ અપેક્ષાએ પોતાની પર્યાયનો કર્તા છે, તેમ છતાં પોતાની પર્યાય પણ ક્રમબદ્ધમાં નિશ્ચિત જ છે. મને સમ્યગ્દર્શન ક્યારે પ્રગટ થશે? ક્યારે પ્રગટ થશે? આવા વિકલ્પોમાં ફંસાવાને દર્શન પરિષહ કહ્યો છે.

પુરુષાર્થ સંબંધી મને અનેકવાર પ્રશ્નો ઉદ્‌ભવતા હતા અને લેખક સાથે વારંવાર ચર્ચા પણ થતી હતી. લેખકે ''ક્રમબદ્ધ પુરુષાર્થ'' પુસ્તક લખીને મને બતાવ્યું તો મને ખૂબ જ હર્ષ થયો અને અંતરમાં એવો ભાવ આવ્યો કે પ્રત્યેક સાધકે આ પુસ્તકનો અભ્યાસ કરીને યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

યાદ રહે, ક્રમબદ્ધ પર્યાયનું સ્વરૂપ ક્રમબદ્ધ પર્યાયમાં લીન થવા માટે નથી, પણ ક્રમબદ્ધ પર્યાયથી પણ દ્રષ્ટિ હટીને જ્ઞાયકની અનુભૂતિ થતી રહે, એ જ ''ક્રમબદ્ધ પુરુષાર્થ'' વાંચવાનું અને સમજવાનું ફળ છે.

**– અશ્વિનભાઈ સુમનલાલ મહેતા**
**મુંબઈ**


દ્રવ્યનું પોતાની શક્તિ અનુરૂપ પરિણમન થવું તે જ પુરુષાર્થ છે.
પુરુષાર્થ

# ક્રમબદ્ધ પુરુષાર્થ

**પ્રત્યેક દ્રવ્યનું પરિણમન પોતપોતાની યોગ્યતા અનુસાર સ્વતંત્ર અને સ્વાધીન હોવાની સાથે સાથે ક્રમબદ્ધ અને ક્રમનિયમિત જ થાય છે. હોનીને અનહોની અને અનહોનીને હોની કરવામાં આપણે તો શું? ઈન્દ્ર કે જિનેન્દ્ર પણ સમર્થ નથી. ક્રમ એટલે એક પછી એક, બદ્ધ એટલે બંધાયેલું અને પર્યાય એટલે પરિણમન. પ્રત્યેક દ્રવ્યનું પરિણમન ક્રમ અનુસાર થાય છે અને સુનિશ્ચિત જ હોય છે. આ જ સિદ્ધાંતનું નામ ક્રમબદ્ધપર્યાય છે.**

જો કે ક્રમબદ્ધપર્યાયમાં ક્રમબદ્ધ પુરુષાર્થ પણ ગર્ભિત જ છે, તો પણ પરપદાર્થમાં કર્તૃત્વબુદ્ધિના કારણે મિથ્યાદ્રષ્ટીની દ્રષ્ટિ, પર તેમજ પર્યાયથી ભિન્ન એવા જ્ઞાયક તરફ જતી જ નથી. કોઈ જીવ પરદ્રવ્ય સંબંધી વિકલ્પમાં, કોઈ જીવ આત્માની પર્યાય સંબંધી વિકલ્પમાં, કોઈ જીવ જ્ઞાયક સંબંધી વિકલ્પમાં જ સુખી માનીને વિરાટ અસ્તિત્વ સ્વરૂપ ભગવાન આત્માના નિર્વિકલ્પ અનુભવથી દૂર જ રહે છે. યાદ રહે જ્ઞાયકની નિર્વિકલ્પ અનુભૂતિ પહેલાં ક્રમબદ્ધપર્યાયના વિષય ઉપર પ્રવચન કરવાથી, સાંભળવાથી કે પુસ્તક લખવા-વાંચવા માત્રથી કષાયની મંદતા તેમજ ક્ષયોપશમજ્ઞાનમાં વૃદ્ધિરૂપ વિકલ્પોની આકુળતાયુક્ત શાંતિની લહેર જ ઊઠે છે. ભાઈ! નિર્વિકલ્પ આત્માનુભૂતિ પછી જ ક્રમબદ્ધપર્યાયની યથાર્થ શ્રદ્ધા તથા સમજણ થાય છે, જ્ઞાયકમાં સ્થિરતારૂપ પુરુષાર્થના ફળમાં પરપદાર્થ તેમજ પર્યાયમાં કર્તૃત્વબુદ્ધિ દૂર થવાથી સહેજે અકર્તાભાવ પ્રગટ થાય છે. નિરાકુળ શાંતિની અપૂર્વ ધારા વહે છે.

ક્રમબદ્ધપર્યાયના વિષયમાં ક્રમબદ્ધ પુરુષાર્થનું યથાર્થ સ્વરૂપ સમજવું જરૂરી જ નહીં, પરંતુ અનિવાર્ય પણ છે. પુરુષ એટલે શક્તિ તથા અર્થ એટલે દ્રવ્ય. જીવાદિ સમસ્ત દ્રવ્ય અનંત શક્તિશાળી છે. **દ્રવ્યનું પોતાની શક્તિ અનુરૂપ પરિણમન થવું તે જ પુરુષાર્થ છે.** પ્રત્યેક દ્રવ્ય પોતપોતાની

શક્તિરૂપ જ પરિણમિત થાય છે, દ્રવિત થાય છે, એક દ્રવ્ય પોતાની શક્તિને છોડીને કોઈ બીજા દ્રવ્યની શક્તિરૂપ પરિણમિત થતું નથી. આ અપેક્ષાએ પ્રત્યેક દ્રવ્ય નિરંતર નિત્ય પુરુષાર્થી છે.

**આત્માની જાણવારૂપ જ્ઞાનશક્તિ જ્યારે આત્માને જાણવારૂપ પરિણમિત થાય છે, આત્માની માનવારૂપ શ્રદ્ધાશક્તિ જ્યારે આત્મામાં એકત્વ સ્થાપિત કરે છે, આત્માની લીન થવારૂપ ચારિત્રશક્તિ જ્યારે આત્મામાં સ્થિર થાય છે, ત્યારે આત્માનુભૂતિરૂપ અપૂર્વ પુરુષાર્થ થાય છે. જોકે દરેક દ્રવ્યની શક્તિનું પરિણમન ક્રમબદ્ધ છે, તેથી પુરુષાર્થ પણ ક્રમબદ્ધપર્યાયમાં ગર્ભિત જ છે. આત્માનુભૂતિરૂપ પુરુષાર્થની પર્યાય પણ ક્રમબદ્ધ જ છે.**

અજ્ઞાની જીવોને પરપદાર્થોમાં પરિવર્તન કરવું તે જ પુરુષાર્થ દેખાય છે અથવા તો તે પોતાની પર્યાયમાં ફેરફાર કરવાના ભાવને પુરુષાર્થ માને છે. પરંતુ દ્રવ્યદૃષ્ટિ થયા વિના સાચો પુરુષાર્થ પ્રારંભ થઈ જ શકતો નથી. દ્રવ્યદૃષ્ટિમાં ઉપયુક્ત દૃષ્ટિ શબ્દ પર્યાયનો સૂચક છે, દ્રવ્યનો આશ્રય લેવાવાળી પર્યાય પણ અનાદિ-અનંત પર્યાયના ક્રમમાં સુનિશ્ચિત જ છે, તેથી દ્રષ્ટિરૂપ અનિત્ય પર્યાયમાં પણ એકત્વ ન થવું અને દ્રવ્યમાં જ પર્યાયનું એકત્વ થવું, તે આત્મિક પુરુષાર્થ છે.

જેવી રીતે સમ્મેદશિખરજી વગેરે સિદ્ધક્ષેત્રની જાત્રા કરતી વખતે પોતાની સાથે સામાન લઈને પહાડ ઉપર ચઢતાં મુશ્કેલી પડે છે અને જેમ-જેમ ઉપર ચડતાં જઈએ તેમ-તેમ હાથમાં રાખેલી લાકડી પણ બોજરૂપ લાગે છે, અહીં સુધી કે શરીર પણ ભારરૂપ લાગે છે. તેવી રીતે પોતાના છોકરા-છોકરી વગેરે કુટુંબીજનો તેમજ શરીરના કર્તૃત્વભાવનો બોજો લઈને કોઈ પણ જીવ સિદ્ધપદની જાત્રા કરી શકતો નથી. ક્રમબદ્ધપર્યાયમાં ફેરફાર કરવાનો મિથ્યાત્વરૂપ ભાવ પણ ક્રમબદ્ધપર્યાયમાં સમાયેલો છે. વિશ્વની વ્યવસ્થાનું સ્વરૂપ આવું જ અદ્‌ભુત છે. ઉપદેશાત્મક કથનને સિદ્ધાંતિક કથન માનવાના કારણે જ અજ્ઞાની જીવ આજ સુધી જ્ઞાનીઓના ઉપદેશની ભાષામાં છૂપાયેલા ભાવોને સમજી શક્યો નથી. **ક્ષણિક પરદ્રવ્ય અને**

**પર્યાયથી ભિન્ન ભગવાન આત્માના તત્ત્વવિચારના ઊંડાણમાં જતાં જ્યારે જીવની પર્યાય સહજરૂપે અંતર્મુખ થાય છે, ત્યારે ચૈતન્ય ચમત્કાર માત્ર ભગવાન આત્મા પ્રગટ જ્ઞાનજ્યોતિ સ્વરૂપ અનુભવમાં આવે છે.**

વ્યવહારથી રત્ન તથા રાખ વગેરે દરેક પુદ્‌ગલમાં ભેદ ન જાણવો તે પુરુષાર્થ છે અને નિશ્ચયથી રત્ન તથા રાખ વગેરે જ્ઞેયોના ભેદને કારણે જ્ઞાન સ્વભાવી નિજ ભગવાન આત્મામાં ભેદ ન જાણી સ્વયંને જ્ઞાયક જ જાણવો તે પુરુષાર્થ છે. જ્ઞાની કહે છે કે ધન અને ધૂળ એક જ છે, ત્યાં જ્ઞાની ધનને ધૂળ અથવા ધૂળને ધન નથી જાણતાં, પરંતુ ધનને ધનરૂપે અને ધૂળને ધૂળરૂપે જાણે છે. **જ્ઞાની માને છે કે ધન અને ધૂળ બંને જડ જ છે. જડ પુદ્‌ગલનો ભગવાન આત્મામાં પ્રવેશ પણ નથી થઈ શકતો. જ્ઞેયોના ભેદ તો અવશ્ય હોય છે પરંતુ જ્ઞેયોના ભેદના કારણે જ્ઞાયકમાં કોઈ પણ ભેદ પડતો નથી. ભેદરૂપ જ્ઞેયો તથા અભેદરૂપ જ્ઞાયક, એ બંનેય વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુના યથાર્થ સ્વરૂપનો સ્વીકાર થવો તે જ વાસ્તવિક પુરુષાર્થ છે, જોકે વિશ્વની વ્યવસ્થામાં વાસ્તવિક પુરુષાર્થ પણ ક્રમનિયમિત તથા ક્રમબદ્ધ જ છે.**

જેવી રીતે પરદ્રવ્યનું પરિણમન સ્વતંત્ર તેમજ ક્રમબદ્ધ છે, આત્મદ્રવ્યમાં ઉત્પન્ન થવાવાળા વિકારીભાવ પણ સ્વતંત્ર અને ક્રમબદ્ધ છે, તેવી રીતે સંયોગ તથા સંયોગીભાવોથી ભિન્ન જ્ઞાયક છે, એવો ભેદ જાણવાવાળી ભેદજ્ઞાન તથા આત્માનુભૂતિરૂપ પુરુષાર્થની પર્યાય પણ ક્રમબદ્ધ જ છે. સમસ્ત ક્રમબદ્ધપર્યાયથી જુદા જ્ઞાયકના ભાવને જ્ઞાયકભાવને **ક્રમબદ્ધ પુરુષાર્થ** નામની આ કૃતિમાં સ્પષ્ટ કર્યો છે.

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ ના દિવસે ગુજરાતમાં આવેલા ધરતીકંપને કોણ ભૂલી શકે છે? તે ધરતીકંપ વખતે હું અમદાવાદમાં જ હતો, ધરતીકંપના સમયે અનેક મકાન ધ્વસ્ત થઈને જમીનદોસ્ત થઈ ગયા હતા અને તે સાથે જ અનેક લોકોની શરીરની માટી પણ જમીનની માટીમાં દબાઈને ખોવાઈ ગઈ હતી. જ્યારે સિમેન્ટ કોંક્રેટના પડી ગયેલા મકાનોમાંથી લાશો બહાર કાઢી રહ્યા હતા, ત્યારે અમે દેખ્યું કે અત્તરની કાંચની બાટલીઓ ફૂટી ન હતી અને કાંચના ગ્લાસ પોતાની જગ્યાએ જેમ હતા, તેમ જ પડેલા હતા.

લાશોના ઢગલા પાસે પડેલી કાંચની બાટલીઓને સુરક્ષિત દેખીને દરેકના હૃદયમાં ધરતીકંપ અને આંખોમાં અશ્રુજળની સુનામી વહી રહી હતી. તે ઘટના અજ્ઞાનની ઊંઘમાં સૂતેલા અજ્ઞાનીજનોને જગાડી રહી હતી અને સમજાવી રહી હતી કે **પ્રત્યેક દ્રવ્યનું પરિણમન પોતપોતાની યોગ્યતાનુસાર સ્વતંત્ર અને સ્વાધીન જ થાય છે. હોનીને અનહોની અને અનહોનીને હોની કરવામાં આપણે તો શું? ઈન્દ્ર કે જિનેન્દ્ર પણ સમર્થ નથી.**

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ ના દિવસે સવારે આશરે ૯ વાગ્યે ધરતીકંપના કારણે એક ઈમારત પડી ગઈ, જેમાં અનેક લોકો દબાઈને મરી ગયા. આખી ઈમારત પડી જવાથી તે ઈમારતમાં સ્થિત બધા લોકોને મૃત ઘોષિત કરી દેવાયા હતા. બે દિવસ પછી ૨૮મી જાન્યુઆરીના દિવસે સવારે આશરે ૯ વાગ્યે એક માણસે આંખ ખોલી, તે માત્ર બેભાન થયો હતો, તેનું જીવન હજુ બાકી હતું. થોડીવાર માટે તો તે ડરી ગયો, તેણે આમ-તેમ નજર કરી. પોતાની બાજુમાં જ પડેલા મોબાઈલથી તેણે ફોન કર્યો અને પોતાને બચાવવા માટે મદદ માંગી. થોડી જ વારમાં ઈમારતના કાટમાળને હટાવવા માટે સહાયકો હાજર થયા. તે વ્યક્તિના ચિત્તમાં ખુશીનો પાર નહતો. તેને બચાવવા માટે ક્રેઈન મંગાવવામાં આવ્યું, ક્રેઈનથી ઈમારતની છતને ઉઠાવવામાં આવી અને તે વ્યક્તિને કહ્યું કે, આવી જા બહાર. તે વ્યક્તિ જેવી બહાર નીકળવા માટે આગળ વધી કે છતથી ક્રેઈનની પકડ છૂટી ગઈ અને છત તે વ્યક્તિના માથા પડી. તે વ્યક્તિ ઈમારતથી બહાર નીકળવાની બદલે પોતાના માનવ જીવનથી જ બહાર નીકળી ગઈ. હવે તો બસ, તેની આશાની કિરણ પણ અસ્ત થઈ ચુકી હતી.

આ દ્રશ્યને દેખીને ત્યાં ઉપસ્થિત લોકોના શ્વાસ થોડા સમય માટે તો જાણે રોકાઈ જ ગયા અને રક્તવાહિનીમાં રક્ત તીવ્ર વેગે દોડવા લાગ્યું. તે ઘટના અજ્ઞાનીની આંખો પર બંધાયેલી અજ્ઞાન અને કર્તૃત્વબુદ્ધિની કાળી પટ્ટીને ખોલી રહી હતી અને દેખાડવા ઈચ્છતી હતી કે **પ્રત્યેક દ્રવ્યનું પરિણમન પોતપોતાની યોગ્યતાનુસાર ક્રમબદ્ધ કે ક્રમનિયમિત જ થાય છે. હોનીને અનહોની અને અનહોનીને હોની કરવામાં આપણે તો શું? ઈન્દ્ર કે જિનેન્દ્ર પણ સમર્થ નથી.**

જ્યારે કોઈ વ્યક્તિ ભોજન કરતી વેળા થાળીમાંથી ચોખાના ૨૦ દાણા ઉપાડે છે, ત્યારે મોંઢામાં આવ્યા પહેલા અધવચ્ચે જ ચોખાનો એક દાણો નીચે પડી જાય છે. જીવની ઈચ્છા તો વીસ દાણા ઉપાડવાની હતી, પરંતુ તે એક દાણાને પણ નીચે પડતો બચાવી શક્યો નહીં. આશય એ છે કે જ્યારે એક દાણાને ઉપાડવામાં પણ જીવનો ઈચ્છારૂપ વિકલ્પ કામમાં આવતો નથી, તો ઓગણીસ દાણાને તે વ્યક્તિએ કેવીરીતે ઉપાડ્યા? ત્યાં અજ્ઞાની સમાધાન કરી લે છે કે ઓગણીસ-વીસ તો ચાલી જાય, એક દાણો પડી ગયો, પરંતુ ઓગણીસને તો મેં ઉપાડ્યા ને? જ્ઞાની કહે છે કે જેમ એક દાણો પણ પોતાની સ્વતંત્ર યોગ્યતાનુસાર થાળીમાં પાછો પડી જાય છે, તેમ ઓગણીસ દાણા પણ પોતાની સ્વતંત્ર યોગ્યતાનુસાર પેટમાં જતાં રહે છે.

આપ માનો છો કે માતા-પિતાની પસંદગી આપે નથી કરી, પુત્ર-પુત્રીની પસંદગી આપે નથી કરી, ભાઈ-બહેનની પસંદગી આપે નથી કરી, પરંતુ પત્ની કે પતિને તો આપે પોતાની પસંદગીથી મેળવ્યા છે. જ્ઞાની કહે છે કે માતા-પિતા, પુત્ર-પુત્રી, ભાઈ-બહેનની જેમ પતિ-પત્ની પણ ક્રમબદ્ધપર્યાયની યોગ્યતાનુસાર મળે છે અને છૂટા થાય છે. જીવના વિકલ્પોનો આ સંબંધોના સંયોગ-વિયોગમાં કંઈ પણ કરવાપણું નથી.

અલોકાકાશની મધ્યમાં સ્થિત આ લોક કોઈ પણ પરના આશ્રય વગર પોતાના સ્થાન પર સ્થિત છે, તો લોકમાં સ્થિત પદાર્થોને પોતાની સ્થિતિ માટે કોઈ પરપદાર્થોને આધીન થવાની શું જરૂર છે?

**એક પણ સંયોગ તથા વિયોગનો કર્તા આત્મા નથી. કર્મોદયના નિમિત્તથી પોતાની ક્રમબદ્ધપર્યાયની યોગ્યતા અનુસાર સંયોગ તથા વિયોગ સહેજે મળે છે અને છૂટા પડે છે.**

આ જીવનો આ ભરતક્ષેત્રમાં તથા આ પંચમ કળિકાળમાં જન્મ થયો, એમાં આત્માનું શું કર્તૃત્વ છે? કંઈ પણ નહીં. અજ્ઞાની જીવ કર્મોદયના નિમિત્તથી પ્રાપ્ત થનારી બાહ્ય પરિસ્થિતિનો કર્તા પોતાને માને છે. પરંતુ કોઈ પણ પરિસ્થિતિમાં આત્માનું કંઈ પણ કર્તૃત્વ નથી. જો આત્મા સંયોગ તથા વિયોગનો અકર્તા છે તો એમ શંકા થવી સ્વાભાવિક છે કે હવે આત્માના હિત માટે શું કરવું?

ઘણું કરીને તથાકથિત વિદ્વાનો માને છે કે સંયોગ તથા વિયોગમાં આપણે કંઈ જ પરિવર્તન કરી શકતા નથી, પરંતુ પોતાના પરિણામોને બદલી પોતાનો પુરુષાર્થ કરી શકીએ છીએ. પોતાના ભાવો ઉપર સંયમ રાખવાને પુરુષાર્થ માને છે. મિત્રના સંયોગમાં રાગ કે શત્રુના સંયોગમાં દ્વેષ ન કરવો તે પુરુષાર્થ છે. મહાપુરુષોના જીવનમાં પણ અનેક પ્રકારની અનુકૂળતા અને પ્રતિકૂળતા આવે છે, પરંતુ તેઓ અનુકૂળ સંયોગોમાં રાગ કરતા નથી અને પ્રતિકૂળ સંયોગોમાં દ્વેષ કરતા નથી. તેથી રાગ-દ્વેષ ન કરવો એ જ આત્માનો પુરુષાર્થ છે.

વીતરાગી પરમાત્મા દ્વારા પ્રતિપાદિત તત્ત્વજ્ઞાનમાં સમજવા યોગ્ય વિશેષ વાત એ છે કે જેવી રીતે અઘાતિકર્મના ઉદયના નિમિત્તથી બહારના સંયોગો મળે છે, તેવી રીતે મોહનીય કર્મના ઉદયના નિમિત્તથી આત્મામાં મોહ-રાગ-દ્વેષના વિકારીભાવો ઉત્પન્ન થાય છે. જેમ સંયોગોમાં પરિવર્તન કરવાનો આત્માનો સ્વભાવ નથી, તેમ સંયોગીભાવોમાં પરિવર્તન કરવાનો આત્માનો સ્વભાવ નથી.

સમ્યગ્દષ્ટી જીવોને તીર્થંકર પ્રકૃતિના બંધને યોગ્ય શુભભાવ ઉત્પન્ન થાય છે, તે શુભભાવ પણ ઉદયગત ભાવ છે. મુનિરાજોને મહાવ્રતાદિ પાલન કરવાના શુભભાવ ઉત્પન્ન થાય છે, તે શુભભાવ પણ ઉદયગત ભાવ છે. જ્ઞાની બીજા જીવોનું હિત કરવા માટે તો અસમર્થ જ છે, સાથે-સાથે બીજા જીવોને હિતનો ઉપદેશ આપવાનો જે શુભભાવ ઉત્પન્ન થાય છે, તે ભાવને રોકવા માટે પણ અસમર્થ છે.

**રાગ અને દ્વેષની પર્યાય તો નિશ્ચિત જ છે. સાથે-સાથે રાગાદિ ભાવોની ઉત્પત્તિના નિમિત્તો પણ ક્રમબદ્ધમાં સુનિશ્ચિત જ છે.** લોકમાં જો કોઈ વ્યક્તિના નિમિત્તથી વેપારાદિમાં નુકસાર થઈ જાય, તો કોઈક લોકો સમધાન કરવા પૂરતું કહે છે કે જેના નિમિત્તથી વેપારમાં નુકસાન થયું છે કે તે વ્યક્તિ પર ક્રોધ નહીં કરો. કારણ કે જો તે વ્યક્તિ નિમિત્તરૂપે ન હોત તો કોઈ બીજી વ્યક્તિ હોત. જ્યારે પોતાના જ કર્મોનો ઉદય આવે છે ત્યારે જીવે ભોગવવા જ પડે છે, તેથી નિમિત્ત ઉપર દોષારોપણ ન કરો. વસ્તુસ્થિતિ

એવી અદ્‌ભુત છે કે નુકસાન તો ક્રમબદ્ધમાં નિશ્ચિત છે, સાથે-સાથે જે નિમિત્તથી નુકસાન થવાનું હોય છે, તે નિમિત્ત પણ ક્રમબદ્ધમાં નિશ્ચિત છે. એ નિમિત્તની બદલે ક્રમબદ્ધમાં કોઈ બીજું નિમિત્ત કેવી રીતે હોઈ શકે?

ઉપદાનના યથાયોગ્ય પરિણમનની સાથે નિમિત્ત પણ ક્રમબદ્ધમાં સુનિશ્ચિત જ છે. જો નિમિત્ત ક્રમબદ્ધમાં નિશ્ચિત ન હોત તો એક નિમિત્તની બદલે કોઈ અન્ય નિમિત્ત આવી જાત. એવી સ્થિતિમાં એક જીવના બીજા જીવ સાથે કર્મોના ઋણાનુબંધ છૂટે કેવી રીતે? તેથી ઉપાદાન અને નિમિત્ત બંને જ ક્રમબદ્ધમાં નિશ્ચિત હોય છે, કારણ કે કર્મોનું ઋણાનુબંધ પણ ક્રમબદ્ધમાં સુનિશ્ચિત હોય છે. આત્માના જ્ઞાનની પર્યાયમાં કયું જ્ઞેય જણાશે, એ જેટલું સુનિશ્ચિત છે, એટલું જ કયા જ્ઞેયમાં રાગ-દ્વેષનો ભાવ ઉત્પન્ન થશે, તે પણ સુનિશ્ચિત જ છે.

**વીતરાગી સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે જેવી રીતે સંયોગની પર્યાય ક્રમબદ્ધ છે, તેવી રીતે સંયોગીભાવની પર્યાય પણ ક્રમબદ્ધ છે.**

આત્મા ક્રોધાદિ વિકારી ભાવોનો અકર્તા છે કારણ કે જ્યારે કોઈ તમને કહે કે તમે ક્રોધ કરો પરંતુ તમે ક્રોધ કરતા નથી. જ્યારે બીજી વાર ક્રોધ કરવાનું કહે તો પણ તમે ક્રોધ કરતા નથી. જ્યારે વારંવાર ક્રોધ કરવાનું કહે તો ક્રોધ કરવાની વાત તો દૂર, તમે તે વ્યક્તિની સામે હસો છો, તમને હસવું આવી જાય છે. ત્યાં જ બીજી બાજુ જ્યારે તમે અત્યંત ક્રોધિત હોવ છો, ત્યારે તમને કોઈ કહે કે ક્રોધ ન કરો, લોકો તમને ક્રોધ ન કરવા માટે પકડી રાખે છે તો પણ તમે ક્રોધ કરો છો. આવું કેમ? એ તો સીધી વાત છે જ્યારે ક્રોધ આવવા યોગ્ય ચારિત્ર મોહનીયકર્મનો ઉદય હોય છે, ત્યારે ક્રોધ આવે છે અને જ્યારે ચારિત્ર મોહનીયકર્મનો ઉદય હોતો નથી, ત્યારે ક્રોધ આવતો નથી. લોકોને ક્યારેક-ક્યારેક તો કરોડો રૂપિયા દાનમાં આપવાનો ભાવ આવી જાય છે અને ક્યારેક-ક્યારેક એક રૂપિયા માટે પણ ટેક્સીવાળા કે શાકભાજીવાળા સાથે દલીલો કરતા હોય છે. આશય એ છે કે કર્મોદયના નિમિત્ત વિના કોઈ વિકાર ઉત્પન્ન થતો નથી, તેથી વિકારીભાવને ઔદયિકભાવ કહ્યો છે. હું ઔદયિકભાવ નથી, હું તો પરમ પરિણામિકભાવ

છું. અહીં ભાવ શબ્દ સાંભળીને ચિંતા કરવાની જરૂર નથી કારણ કે ભાવ તો જીવનો સ્વભાવ છે. કેવળી ભગવાનને પણ પારિણામિકભાવ તથા ક્ષાયિકભાવ બંને હોય છે.

અહીં એવી શંકા થવી સ્વાભાવિક છે કે આત્મા સંયોગ તથા સંયોગીભાવમાં લેશમાત્ર પરિવર્તન કરી શકતો નથી કારણ કે આત્માની સંયોગ તથા સંયોગીભાવની પર્યાય તો ક્રમબદ્ધમાં નિશ્ચિત છે, તો પછી આત્મા ધર્મ કરવાને માટે પુરુષાર્થ શું કરે? જ્ઞાની કહે છે કે **સંયોગ તથા વિયોગ ક્રમબદ્ધમાં નિશ્ચિત છે, રાગાદિ સંયોગીભાવ ક્રમબદ્ધમાં નિશ્ચિત છે, સંયોગ તથા સંયોગીભાવથી ભિન્ન હું જ્ઞાયક છું, એવો ભેદ જાણવાવાળી પુરુષાર્થની પર્યાય પણ ક્રમબદ્ધમાં નિશ્ચિત છે, તો પણ ઉપદેશની ભાષા એવી હોય છે કે સ્વ-પરનું ભેદજ્ઞાન કરો અને પુરુષાર્થ કરો.**

પ્રત્યેક કાર્યની ઉત્પત્તિના કાળે અનિવાર્ય રૂપે પાંચેય સમવાય હાજર હોય છે. ૧. સ્વભાવ ૨. પુરુષાર્થ ૩. નિમિત્ત ૪. કાળલબ્ધિ ૫. હોનહાર.

જેવી રીતે નિમિત્ત નામના સમવાયથી જ કાર્યની ઉત્પત્તિ માનવાથી એકાંતિક માન્યતાનું પોષણ થાય છે, તેવી રીતે પુરુષાર્થ નામના સમવાયથી જ કાર્યની ઉત્પત્તિ માનવાથી એકાંતિક માન્યતાનું જ પોષણ થાય છે. એકમાત્ર જ્ઞાયકનો નિર્વિકલ્પ અનુભવ થતા જ ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર થાય છે. જ્યારે ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર થાય છે, ત્યારે એ પણ સ્વીકાર થાય છે કે કાર્યની ઉત્પત્તિ પાંચેય સમવાયપૂર્વક થાય છે. તો પણ વ્યવહારમાં ઉપદેશની ભાષા એવી હોય છે કે જગતના ભૌતિક વિષયોને એકઠા કરવા માટે હે જીવ! તું આટલી મહેનત કરે છે, તો આત્માની અનુભૂતિને માટે પુરુષાર્થ કેમ નથી કરતો?

**વસ્તુ સ્વરૂપની દૃષ્ટિએ જેમ રાગની પર્યાય ક્રમબદ્ધમાં નિશ્ચિત છે, તેવી જ રીતે ભેદજ્ઞાન તથા વીતરાગતાની પર્યાય પણ ક્રમબદ્ધમાં જ નિશ્ચિત છે. પરંતુ ખાસ વાત તો એ છે કે કર્તૃત્વબુદ્ધિના ભારવહનથી પીડિત અજ્ઞાની કોઈ ને કોઈ પર્યાયનો કર્તા પોતાને માને છે અને સુખી થવાનો ઉપચાર કરે છે.**

પોતાને સાધક માનીને ધ્યાન કરવા માટે બેસનારા લોકો દ્રવ્ય અને પર્યાયના ભિન્ન સ્વરૂપને ભૂલી જ જાય છે. આવો સાધક કહે છે કે હું આત્મા સંયોગ અને સંયોગીભાવનો અકર્તા છું, તેથી મારે સંયોગ અને સંયોગીભાવનું ધ્યાન કરવું નથી. હું આત્માનું જ ધ્યાન કરવા ઈચ્છુ છું.

**ધ્યાન સ્વયં પર્યાય છે. પર્યાય ધ્યાન કરે છે. હું ભગવાન આત્મા ધ્યાન કરવાવાળું તત્ત્વ નથી, પણ પર્યાય જેનું ધ્યાન કરે છે, ક્ષણિક ધ્યાનની પર્યાયનો વિષયભૂત હું ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા જ છું.** મારે આત્માનું ધ્યાન કરવું છે, એવા વિકલ્પના કાળે અજ્ઞાનીનું એકત્વ જ્ઞાયકમાં નથી હોતું પરંતુ મારે જ્ઞાયકનું ધ્યાન કરવું છે, એવા ધ્યાન સંબંધી વિકલ્પમાં એકત્વ હોવાથી અજ્ઞાની દુઃખનો જ અનુભવ કરે છે.



નિર્મળ પર્યાય પ્રગટ કરવા માટે અજ્ઞાની એટલો આકુળિત થાય છે કે તેની પર્યાય ઉપરથી દૃષ્ટિ હટતી જ નથી, એ જ કારણ છે કે તેને દ્રવ્ય ઉપર દ્રષ્ટિ સ્થાપિત થતી નથી. ભવિષ્યમાં નિર્મળ પર્યાય પ્રગટ થશે એવા વિકલ્પ જ વર્તમાન દુ:ખનું કારણ બને છે. વૈજ્ઞાનિક તો અહીં સુધી કહે છે કે બાળક ત્યારથી વૃદ્ધ થવા લાગે છે જ્યારથી ભવિષ્ય સંબંધી વિચારવાનું શરૂ કરે છે. ભવિષ્ય સંબંધી વિકલ્પ જ ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મામાં દૃષ્ટિ કેન્દ્રિત ન હોવાને સિદ્ધ કરે છે. જ્ઞાનીને પર્યાયની રૂચિ નથી હોતી. પર્યાયમાં એકત્વ નથી હોતું. જ્ઞાની દ્રવ્યની રેખાને છોડીને પર્યાયના બિંદુમાં સુખ માનતા નથી. જ્ઞાની સિંધુને છોડીને બિંદુમાં તન્મય થતા નથી.

**સંયોગ-વિયોગ તથા શુભ-અશુભભાવરૂપ અશુદ્ધ પર્યાયની જેમ શુદ્ધ પર્યાય પણ ક્રમબદ્ધમાં સુનિશ્ચિત છે, તેથી જ્ઞાની ન તો સંસારનો નાશ કરે છે અને ન તો મોક્ષને પ્રગટ કરે છે. જ્ઞાની તો સંસારની વ્યયરૂપ અને મોક્ષની ઉત્પાદ્‌રૂપ ક્રમબદ્ધપર્યાયને માત્ર જાણે છે. જ્ઞાની તો મિથ્યાત્વની વ્યયરૂપ અને સમ્યક્‌ત્વની ઉત્પાદ્‌રૂપ ક્રમબદ્ધપર્યાયને માત્ર જાણે છે.**

અક્રમસ્વભાવી ભગવાન આત્માની નિર્વિકલ્પ આત્માનુભૂતિ થતા ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા સહેજે થાય છે. જે વ્યક્તિએ માળાના દોરાને અખંડ માન્યો છે, તે વ્યક્તિને જ માળામાં બંધાયેલા મોતી ક્રમબદ્ધ છે તેવી શ્રદ્ધા હોય છે. એ જ પ્રમાણે દ્રવ્યની અખંડિતતાનો સ્વીકાર કર્યા વગર દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ છે, એવો સ્વીકાર થઈ શકતો નથી.

અનાદિકાળથી મિથ્યાદ્રષ્ટી જીવ કર્તૃત્વબુદ્ધિના ભારથી પીડિત છે, તેથી જગતના પરપદાર્થોની પર્યાયના પરિવર્તનથી નિવૃત્ત થવા ઈચ્છે છે અને તેની સાથે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરવા ઈચ્છે છે. પરંતુ જ્યાં સુધી પર્યાય ઉપર દૃષ્ટિ રહે છે, ત્યાં સુધી દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતી નથી. જ્ઞાનીની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર જ હોય છે, પરંતુ દ્રવ્યદૃષ્ટિના ફળમાં પ્રગટ થનારી નિર્મળ પર્યાયનો હિસાબ જ્ઞાની રાખતા નથી. બાળકોને કહીએ છીએ કે જે ક્રિકેટરો દેશ માટે રમે છે, તેમને તો પૈસા મળે છે, ખ્યાતિ મળે છે. પરંતુ તમે ક્રિકેટ રમો છો, આટલો સમય વેડફો છો, તમને શું મળશે? બાળક કહે છે કે મને

ભવિષ્યમાં શું મળશે તેનો તો મેં વિચાર પણ કર્યો નથી. મને તો રમતી વખતે જ જે મળવાનું હતું, તે મળી ગયું. જ્ઞાની મોક્ષના સુખની ચાહના તથા તત્ત્વસંબંધી વિકલ્પોમાં ફંસાઈને વર્તમાન પર્યાયમાં જ્ઞાયકથી દૃષ્ટિ હટાવતા નથી. જ્ઞાયક ઉપર દૃષ્ટિ રાખવાનું ફળ જ્ઞાનીને વર્તમાનમાં જ મળી જાય છે. જ્ઞાયકની નિર્વિકલ્પ અનુભૂતિના કાળમાં પ્રગટ થનારૂં સુખ જ વર્તમાન નિર્વિકલ્પ અનુભૂતિનું પ્રગટ ફળ છે. ઈન્દ્રિયજ્ઞાન આત્માનું સામર્થ્ય નથી અને ઈન્દ્રિય સુખ આત્માનો વૈભવ નથી. અતીન્દ્રિય જ્ઞાન આત્માનું સામર્થ્ય છે અને અતીન્દ્રિય સુખ આત્માનો વૈભવ છે. **ઈન્દ્રિયજ્ઞાનનું ફળ ઈન્દ્રિય સુખ છે અને અતીન્દ્રિય જ્ઞાનનું ફળ અતીન્દ્રિય સુખ છે.**

અધ્યાત્મ ક્ષેત્રમાં પણ મોટાભાગના લોકો એ સત્યને જાણવાથી દૂર છે કે શુભભાવના ક્ષણે આત્મામાં ઉત્પન્ન થવાવાળી શાંતિ પણ વિકલ્પની પૂર્તિની શાંતિ છે. દેવદર્શન કરીને જે આનંદ આવે છે તે શું છે? દેવદર્શન કરવાનો વિકલ્પ પૂર્ણ થયો, તેથી શાંતિનો અનુભવ થયો. જો દસ મિનિટ માટે દેવદર્શન કરવા માટે ગયા હતા અને દસ મિનિટ દર્શન કર્યા પછી જિનમંદિરમાં ભીડ થઈ ગઈ હોય અને બહાર જવાનો રસ્તો ન હોય, તો આનંદ આવતો નથી કારણ કે ત્યારે બહાર જવાનો વિકલ્પ છે અને તે વિકલ્પની પૂર્તિ થઈ રહી નથી. આ રીતે અજ્ઞાની વિકલ્પની પૂર્તિમાં સુખ અને વિકલ્પની અપૂર્તિમાં દુઃખ માને છે.

અજ્ઞાની જિનમંદિરમાં જિનપ્રતિમાને સ્થાપિત કરે છે, તે શું છે? તે પોતાના વિકલ્પની જ તો સ્થાપના છે. પરમાત્માનું સત્ય સ્વરૂપ તો તેણે આજ સુધી પ્રત્યક્ષ જાણ્યું નથી, પરંતુ તે પોતાના વિકલ્પમાં જેવું પરમાત્માનું સ્વરૂપ જાણે છે, તેવી જ પરમાત્માની પ્રતિમાની સ્થાપના કરે છે. ભગવાનનું સ્વરૂપ તો એક વીતરાગ જ છે, તેમ છતાં આખા જગતમાં જાત-જાતની પ્રતિમા બનવાનું કારણ એ જ છે કે લોકોને ભગવાન સંબંધી વિકલ્પ જુદા જુદા હોય છે. અજ્ઞાન દશામાં જીવને વીતરાગતા ઉપાદેય નથી લાગતી, પરંતુ પોતાના વિકલ્પ જ ઉપાદેય લાગે છે.

જ્ઞાયકની અનુભૂતિ પૂર્વે જ્ઞાયકની અનુભૂતિના વિકલ્પ હોવાથી અજ્ઞાનીને જ્ઞાયકની અનુભૂતિમાં પણ જ્ઞાયકની અનુભૂતિના વિકલ્પની પૂર્તિનું

સુખ જ લાગે છે. પરંતુ નિર્વિકલ્પ અનુભૂતિના કાળે જ્ઞાયકની અનુભૂતિના વિકલ્પની પૂર્તિનું સુખ હોતું નથી પરંતુ સ્વાભાવિક સુખ હોય છે. જ્ઞાયકની અનુભૂતિના કાળે ઉપયોગ પરપદાર્થો તથા પરપદાર્થોના વિકલ્પોથી ભિન્ન એકમાત્ર જ્ઞાયકમાં જ સ્થિર હોય છે, તેથી આત્માનુભૂતિનું અતીન્દ્રિય સુખ વિકલ્પોથી નિરપેક્ષ નિરાકુળતામય હોય છે.

જ્યારે કોઈ વ્યક્તિ આતંકવાદીને હિંસક માનીને તેના પર ક્રોધ કરે છે, ત્યારે પોતાનામાં ઉત્પન્ન થનારા ક્રોધના ભાવ પણ હિંસા જ છે, એ વાત ઉપર તેની દૃષ્ટિ જતી નથી. જ્યારે જીવ પોતાનામાં ઉત્પન્ન થતા ક્રોધાદિ હિંસક વિકલ્પોને પણ રોકી શકતો નથી, તો બીજા જીવોમાં ઉત્પન્ન થનારા હિંસક વિકલ્પોને કેવી રીતે રોકી શકે? તેમ છતાં પણ કર્તૃત્વબુદ્ધિના કારણે અજ્ઞાની બીજાના વિકલ્પોમાં ફેરફાર કરવા ઈચ્છે છે, પરંતુ વિકલ્પોને ઉદયગત જાણતો નથી, માનતો નથી અને તે વિકલ્પોથી મુક્ત થતો નથી.

જ્ઞાયકભાવ પોતે તો કાર્યરૂપ પરિણમિત થતો નથી. પરંતુ જ્યારે પર્યાયમાં પુરુષાર્થરૂપ પરિણમન થાય છે, ત્યારે જ્ઞાયકભાવ કારણ પણ બનતો નથી. જો પર્યાયમાં જ્ઞાયકની અનુભૂતિ થતી નથી, તો પર્યાયમાં જ દુઃખનો અનુભવ થાય છે અને જો પર્યાયમાં જ્ઞાયકની અનુભૂતિ થાય છે, તો પર્યાયમાં જ સુખનો અનુભવ થાય છે. જ્ઞાયકને ક્યારેય દુઃખ પણ થતું નથી અને ક્યારેય સુખ પણ થતું નથી, કારણ કે જ્ઞાયક તો માત્ર જ્ઞાયક જ છે. હું જ્ઞાયક જ છું.

જ્ઞાયક સમ્યગ્દર્શનની પર્યાયરૂપ તો નથી, કાર્યરૂપ તો નથી, પરંતુ સમ્યગ્દર્શનની પર્યાયનું કારણ પણ નથી. જો કોઈ જીવને ચાર વાગ્યે સમ્યગ્દર્શન પ્રગટ થાય, તો ચાર વાગ્યે સમ્યગ્દર્શનનું કારણ જ્ઞાયક થયો એમ નથી. પરંતુ શ્રદ્ધા ગુણની અનાદિ-અનંત પર્યાયના ક્રમમાં ચાર વાગ્યે મિથ્યાત્વથી સમ્યક્ત્વરૂપ પરિણમન સુનિશ્ચિત જ હતું, તેથી સમ્યગ્દર્શન ચાર વાગ્યે પ્રગટ થયું. જ્ઞાયક તો ત્રિકાળ છે, તો પછી સમ્યગ્દર્શન ત્રિકાળ કેમ નથી હોતું? સમ્યગ્દર્શન સ્વયં પર્યાય છે, તેથી આ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે સમ્યગ્દર્શનની ઉત્પત્તિના કાળે જ નહીં, જ્ઞાયક તો ત્રિકાળ જ પર્યાયથી અછૂત છે. હું જ્ઞાયક જ છું.

મિથ્યાદષ્ટી પોતાને મિથ્યાદષ્ટી કે સમ્યગ્દષ્ટી કે સાધુ કે અરિહંત કે સિદ્ધ માને, એમ બની શકે છે. પર્યાયમાં એકત્વ કરે, એમ થાય છે. પરંતુ સમ્યગ્દષ્ટી પોતાને મિથ્યાદષ્ટી માનતા નથી, સાથે-સાથે સમ્યગ્દષ્ટી પોતાને સમ્યગ્દષ્ટી પણ માનતા નથી, સાધુ પોતાને સાધુ માનતા નથી, અરિહંત પોતાને અરિહંત માનતા નથી, સિદ્ધ પોતાને સિદ્ધ માનતા નથી. કહેવાનો આશય એ છે સમ્યગ્દષ્ટીથી માંડીને સિદ્ધ સુધી પોતાને અનિત્ય પર્યાય સ્વરૂપે માનતા નથી. સમસ્ત જ્ઞાનીઓનું એકત્વ તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક સ્વભાવમાં જ હોય છે.

જગતની એક પર્યાયનો અસ્વીકાર કરવાથી અનંત કેવળજ્ઞાનીઓ અને તેમની અનંતાનંત પર્યાયોનો અનાદર થાય છે. નિજાત્મ દ્રવ્યને જાણવાથી અનંત કેવળજ્ઞાનીઓ તેમજ કેવળજ્ઞાનીઓની અનંતાનંત પર્યાયોનો આદર થાય છે. અજ્ઞાની જે પર્યાયનો અસ્વીકાર કરે છે, તે પર્યાયને અનંત કેવળજ્ઞાની પોતાના કેવળજ્ઞાનમાં જ સહજરૂપે જાણે છે. સહજરૂપે જાણવું એ જ સહજ સ્વીકાર છે. જ્યારે અજ્ઞાની એક પર્યાયનો અસ્વીકાર કરે છે, ત્યારે સમસ્ત કેવળજ્ઞાનીઓની અનંતાનંત કેવળજ્ઞાન પર્યાયોનો અસ્વીકાર થાય છે, જે પર્યાયોમાં આ એક પર્યાયનો સ્વીકાર થતો હતો, થાય છે અને થતો રહેશે.

કેવળજ્ઞાની જગતના ક્રમબદ્ધ પરિણમનને માત્ર જાણે છે, પરંતુ જગતના પરિણમનને લેશમાત્ર પણ કરતા નથી. અજ્ઞાની જાણવારૂપ કાર્યને જ સર્વજ્ઞનું કર્તૃત્વ માને છે, એ જ કારણ છે કે તે કેવળજ્ઞાનીને જગતના પરિણમનનો કર્તા માને છે. જેમકે કોઈ વ્યક્તિ નિમિત્તજ્ઞાની પાસે જઈને પૂછે છે કે હું મારી બિમારીથી બહુ જ પરેશાન છું, તેથી આપ મને બતાવો કે મારું સ્વાસ્થ્ય ક્યારે સારું થશે? તે જ્ઞાની પોતાના જ્ઞાનમાં જાણીને તેને બતાવે છે કે તમે બે દિવસ પછી ઠીક થઈ જશો. બે દિવસ પછી જ્યારે તે વ્યક્તિનું સ્વાસ્થ્ય ઠીક થઈ જાય છે, ત્યારે તે માને છે કે આ જ્ઞાનીએ મારું સ્વાસ્થ્ય ઠીક કર્યું છે. અહો! આ જ્ઞાની પાસે અવશ્ય કોઈ જાદુ છે, કારણ કે તેઓ જેવું બોલે છે તેવું જ થાય છે. સત્ય તો એ છે કે જ્ઞાનીએ તેને સ્વસ્થ કર્યો નથી, તેમણે તો પોતાના જ્ઞાનમાં માત્ર જાણ્યું હતું કે બે દિવસ સુધી


આ વ્યક્તિની બિમારી રહેશે અને બે દિવસ પછી બિમારીથી મુક્તિ મળશે.

**ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિનો આધાર સર્વજ્ઞની સર્વજ્ઞતા છે, પરંતુ જગતની સમસ્ત ક્રમબદ્ધપર્યાયનો આધાર સર્વજ્ઞતા નથી, પરંતુ પ્રત્યેક દ્રવ્ય સ્વયં વા પર્યાય સ્વયં જ ક્રમબદ્ધપર્યાયનો આધાર છે.** ૮ કર્મોથી બંધાયલા આત્માને ૦ કર્મ તરફ લઈ જનારી પ્રવચનસારની ૮૦મી ગાથામાં કહ્યું છે કે **"જે અરિહંત ભગવાનને દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી જાણે છે, તે નિજાત્માને જાણે છે અને તેનો મોહ ક્ષય પામે છે."** જોકે અરિહંત ભગવાનની કેવળજ્ઞાનની એક સમયની પર્યાયને જાણવાથી જ આખું જગત જણાઈ શકે છે, કારણ કે કેવળીની પ્રત્યેક પર્યાય જગતને જાણે છે, તો પણ ત્યાં સર્વાંગરૂપે અરિહંત ભગવાનના દ્રવ્ય, ગુણ તથા પર્યાયને જાણવાની વાત કહી છે, જેથી જીવ સર્વાંગરૂપે ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ પણ સમજી શકે.

જીવના અનંતગુણોમાં જ્ઞાન નામનો વિશેષ ગુણ છે, તેથી તે જગતના સમસ્ત દ્રવ્યોને જાણે છે. જગતના સમસ્ત દ્રવ્યોના અનંતગુણોમાં પ્રમેયત્વ નામનો સામાન્ય ગુણ છે, તેથી તે સમસ્ત દ્રવ્યો કોઈને કોઈ જ્ઞાનમાં જણાય છે. **કેવળી ભગવાન કેવળજ્ઞાનમાં લોકાલોકના સમસ્ત જ્ઞેયોને જાણે છે, તેમાં જ્ઞાનગુણની પ્રધાનતા છે અને લોકાલોકના સમસ્ત જ્ઞેયોં કેવળી ભગવાનના કેવળજ્ઞાનમાં જણાય છે, તેમાં જગતના સમસ્ત જ્ઞેયોંના પ્રમેયત્વ ગુણની પ્રધાનતા છે.**

બાહુબલી મુનિરાજને બાર મહિના સુધી કેવળજ્ઞાન પ્રગટ થયું નહીં કારણ કે જ્ઞાન પર્યાયની લોકાલોકને જાણવાની યોગ્યતા પાકી ન હતી, તેની સાથે-સાથે લોકાલોકના સમસ્ત જ્ઞેયોંની બાહુબલીના કેવળજ્ઞાનમાં જણાવાની યોગ્યતા પણ પાકી ન હતી. આત્મિક પુરુષાર્થ નિજ આત્મામાં જ ઘટિત થાય છે, તેથી જગતના જ્ઞેયોંની યોગ્યતાને ગૌણ કરીને કેવળજ્ઞાન પ્રગટ કરવાનો ઉપદેશ આપવામાં આવે છે. તે ઉપદેશ પણ વ્યવહાર જ છે.

એક આત્મદ્રવ્યને જાણવાથી જ વીતરાગી દેવની યથાર્થ શ્રદ્ધા થાય છે. વીતરાગી દેવની શ્રદ્ધાનું તાત્પર્ય એ છે કે સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનની


ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિનો આધાર સર્વજ્ઞની સર્વજ્ઞતા છે.
પરંતુ
જગતની સમસ્ત ક્રમબદ્ધપર્યાયનો આધાર સર્વજ્ઞતા નથી,
પરંતુ પ્રત્યેક દ્રવ્ય સ્વયં વા પર્યાય સ્વયં જ ક્રમબદ્ધપર્યાયનો આધાર છે.

શ્રદ્ધા પણ સમ્યગ્દષ્ટીને જ હોય છે. કેવળજ્ઞાનની શ્રદ્ધા જ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા છે. નિજ આત્મદ્રવ્યમાં એકત્વ થવાથી આત્મદ્રવ્યની શ્રદ્ધાના બળે પર્યાયમાં પરિવર્તન કરવાનો કર્તૃત્વરૂપ અહંકારનો ભાવ જ્ઞાનીઓને એક ક્ષણ માટે પણ ઉત્પન્ન થતો નથી.

ક્રમબદ્ધપર્યાયથી સિદ્ધ થાય છે કે જગતમાં અચાનક કંઈ પણ થતું નથી. સર્વજ્ઞ તથા સર્વજ્ઞ શ્રદ્ધાની સમ્યગ્દષ્ટી માટે જગતમાં કંઈ પણ અચાનક થતું નથી. ભવિષ્યની પર્યાયોને નહીં જાણવાને લીધે તથા ભવિષ્યની પર્યાયને જાણનારા સર્વજ્ઞને નહીં જાણવાને લીધે અલ્પજ્ઞાની મિથ્યાદષ્ટિને નિરંતર આકસ્મિક ઘટનાઓ ઘટવાનો ભય રહે છે. **ક્રમબદ્ધપર્યાયને જાણીને તથા જ્ઞાયકસ્વભાવના બળ ઉપર જ્ઞાની અકસ્માત વગેરે સાત ભયોથી મુક્ત હોય છે.**

**ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ ક્રમબદ્ધપર્યાય પર જ દૃષ્ટિ ટકાવી રાખવા માટે સમજાવ્યું નથી. યાદ રહે કે ક્રમબદ્ધપર્યાય તો માત્ર જાણવાની છે અને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને જાણવાનો છે, એકત્વપૂર્વક માનવાનો પણ છે અને તેમાં લીન પણ થવાનું છે.**

જ્યારે આપ જ્ઞાયકના સ્વરૂપનું જ ચિંતન-મનન કરો, ત્યારે કોઈ કહે કે તમે તો એકલા જ્ઞાયક-જ્ઞાયક જ કરી રહ્યા છો. યાદ રહે કે જ્ઞાયકનું વાસ્તવિક ચિંતન-મનન જેમને હોય છે, તેમને સમસ્ત પર્યાય અનિત્ય જ લાગે છે અને નિત્ય જ્ઞાયક જ સારભૂત છે એવું સ્મરણ નિરંતર રહે છે. તેમને જગતના લોકો થકી થનારી પ્રશંસા અને નિંદા પણ પર્યાય હોવાથી અનિત્ય તથા અસાર જ લાગે છે. કર્તૃત્વબુદ્ધિના કારણે અજ્ઞાનીને એમ જ લાગે છે કે આ જીવને કંઈ કરવું નથી, તેથી એક માત્ર જ્ઞાયક-જ્ઞાયક કર્યા કરે છે. ખરેખર જ્યાંસુધી જ્ઞાયક સ્વભાવનો સાચો પરિચય થતો નથી, ત્યાંસુધી જીવને કંઈક કરવા-ધરવામાં જ અધર્મ અને ધર્મ લાગે છે. પાપક્રિયા કરવામાં અધર્મ અને પાપક્રિયા ન કરવામાં ધર્મ લાગે છે.

પોતાના સ્વભાવની મહિમાના અભાવને લીધે જીવને બાહ્ય જડ ક્રિયાકાંડ જ રૂચિકર લાગે છે. **જે જીવે દેહની ક્રિયાથી ધર્મ ધારણ કર્યો છે,**

**તે જીવનો ધર્મ તો નિયમથી રાખ જ થવાનો છે. કારણ કે દેહ નિયમથી રાખ જ થવાનો છે.** તેથી જે જીવે જ્ઞાયકના જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્રને ધર્મ સમજીને આત્મામાં ધર્મ ધારણ કર્યો છે, તે જીવનો ધર્મ પણ અનંતકાળ સુધી ટકીને રહેશે. જ્ઞાયક જ લોકમાં સર્વોત્કૃષ્ટ દ્રવ્ય છે. આ કથનનો આશય જીવમાં અહંકારનો ભાવ ઉત્પન્ન કરાવવાનો નથી, પરંતુ સ્વયંની પરિપૂર્ણતાનો સ્વીકાર કરાવવાનો છે. પોતાની પૂર્ણતાનો સ્વીકાર થતા પરપદાર્થોથી પોતાને પૂર્ણ અને તૃપ્ત કરવાની લોભની વૃત્તિઓ છૂટી જાય છે.

તે વ્યક્તિ મહાન નથી, જે કહેતી હોય કે આ જગતમાં બધું સંભવ છે. તે વ્યક્તિ પણ મહાન નથી, કહેતી હોય કે આ જગતમાં બધું અસંભવ છે. તે વ્યક્તિ જ મહાન છે જે કહે જગતમા કંઈક તો સંભવ છે અને કંઈક અસંભવ છે. **આત્માની નિર્વિકલ્પ અનુભૂતિના ફળમાં અનંત સુખની પ્રાપ્તિ કરવી સંભવ છે અને બાહ્ય ભૌતિક પદાર્થોથી પોતાને તૃપ્ત કરવો કદાપિ સંભવ નથી. સંભવ અને અસંભવના ભેદને જે જાણી લે છે, તે વ્યક્તિ જીવનના રહસ્યોને જાણી લે છે. તે જ જીવ અનંત સુખની યાત્રા પર ચાલવા લાગે છે.**

વૃદ્ધાવસ્થામાં શરીરમાં શક્તિ ન રહેવાથી દેહમાં એકત્વબુદ્ધિને લીધે અજ્ઞાની એમ માને છે કે હું અશક્ત થઈ ગયો છું. જ્ઞાની કહે છે કે હવે શરીરમાં શક્તિ રહી નથી, તેનો નિર્ણય કોણ કર્યો? **શરીરની અશક્તિનો નિર્ણય કરનારું જ્ઞાન ત્રિકાળ શક્તિશાળી છે, હું ત્રિકાળ શક્તિશાળી છું, નિત્ય અનંત શક્તિયુક્ત ભગવાન આત્માની સત્તા પોતાના કારણે છે, તેથી પોતાના અસ્તિત્વ માટે શરીર વગેરે કોઈ પણ પરપદાર્થોને આધીન થવાની રંચમાત્ર પણ જરૂર નથી.**

જ્યારે તમે પોતાનું પર્સ ખોલો છો અને પર્સમાં પૈસા નહીં હોવાથી દુઃખી થાઓ છો. ત્યારે એ યાદ રહેવું જોઈએ કે પર્સમાં પૈસા નથી એવો નિર્ણય કોણે કર્યો? પૈસાના હોવાનો નિર્ણય અને ન હોવાનો નિર્ણય કરનારું જ્ઞાન નિત્ય વિદ્યમાન છે. **આત્માના જ્ઞાનસ્વભાવના બળ ઉપર દરેક પરિસ્થિતિમાં જીવે પોતાને કદાપિ હીન ન માનવો જોઈએ.**

માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર-પુત્રી વગેરે પરિવારજનો અથવા મિત્રોના મરણ થયા, હવે તેઓ અહીં ન રહ્યા. તેમની અનુપસ્થિતિનો નિર્ણય કરનારો જ્ઞાન સ્વભાવ નિરંતર નિત્ય ઉપસ્થિત જ છે. **તેથી કોઈપણ પ્રકારના અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગોના કાળે જ્ઞાનસ્વભાવ અને જ્ઞાયકભાવનું ચિંતન-મનન થતું રહે, તો જીવની દૃષ્ટિ સંયોગોથી હટીને સહેજે અંતર્મુખ થશે.**

જ્યારે તમે કોઈનું નામ કે વસ્તુને યાદ કરવાની કોશિશ કરો છો, તેમ છતાં યાદ આવતું નથી, ત્યારે તમારે નિરાશ થવાની જરૂર નથી, કારણ કે વસ્તુ યાદ આવી રહી નથી, એવો નિર્ણય જે જ્ઞાને કર્યો, તે જ્ઞાન જેનો સ્વભાવ છે, તે આત્મદ્રવ્ય ત્રિકાળ વિદ્યમાન છે, હાજર છે. ક્ષણિક સમજણને અસાર જાણી સમજદારની મહિમા આવવાથી જગતના કોઈ પણ પરદ્રવ્ય તરફ દૃષ્ટિ જતી નથી. આત્મા પોતે આત્મોન્મુખ થઈને નિર્વિકલ્પ આત્માનુભૂતિને ઉપલબ્ધ થાય છે.

એક રાત્રે એક વ્યક્તિનો ઘોડો ચોરી થઈ ગયા બાદ તેના માલિકે આખા ગામમાં મીઠાઈઓ વહેંચી. લોકોએ પૂછ્યુ કે શાની ખુશીમાં આ મીઠાઈ વહેંચી રહ્યા છો? તે માણસે કહ્યું કે આજે રાત્રે મારો ઘોડો ચોરી થઈ ગયો છે. લોકોએ વચ્ચે જ રોકતા કહ્યું કે ઘોડો ચોરી થઈ ગયો એમાં ખુશી મનાવવા જેવું શું છે? તે માણસે કહ્યું કે જે વખતે મારો ઘોડો ચોરી થઈ ગયો હતો, તે વખતે હું ઘોડા ઉપર બેઠો નહતો, નહીંતર હું પણ ચોરી થઈ જાત! આ મીઠાઈ એ ખુશીમાં છે કે હું તો બચી ગયો. જાન બચી, સો લાખો પાયે. આ લોકોક્તિ હંમેશા યાદ રાખવી જોઈએ.

તેથી આ વાતની જાગૃતિ હંમેશા રહેવી જોઈએ કે પર્યાયના પલટવાના કાળે હું ભગવાન આત્મદ્રવ્ય નિત્ય ટકીને જ રહું છું. તેથી કોઈ પણ પર્યાય પલટાતી હોવા છતાં પણ દ્રવ્ય સ્વભાવની નિત્યતાની જાગૃતિ રહે તો પર્યાયના ક્ષણિકપણાને લીધે એક ક્ષણ માટે પણ દુઃખ થતું નથી.

આ લોકમાં વ્યક્તિ પોતાનાથી વધુ મહત્વ પોતાના ફોટાને આપે છે. તે સ્નાનાદિ કરી શુદ્ધ થઈને પોતાના ઘરમાં બેસે છે, તો પણ તે પોતાના

ફોટા પર લાગેલી ધૂળને દૂર કરીને ફોટાને સાફ કરવાની ચિંતા કરે છે. ખરેખર તે વ્યક્તિએ ફોટાની સફાઈ કરવાની આટલી ચિંતા કરવાની કશી જ જરૂર નથી. તે વ્યક્તિએ ફોટા પર લાગેલી ધૂળને દૂર કરવા કરતા દર્પણમાં દેખવું જોઈએ કે તે સ્વચ્છ નિર્મળ જ છે.

એ જ પ્રમાણે અજ્ઞાની જીવ પોતાનાથી વધારે મહત્વ પોતાની પર્યાયને આપે છે. તે ત્રિકાળ શુદ્ધ છે. નિજસ્વભાવમાં વિરાજમાન છે, તો પણ પોતાની પર્યાયની અશુદ્ધતાને દૂર કરીને પર્યાયને શુદ્ધ કરવા માટે ચિંતિત રહે છે. ખરેખર તે જીવે પર્યાયને શુદ્ધ કરવાની ચિંતામાં ડૂબવાની એટલી જરૂર જ નથી. તે જીવે તો બસ એટલું જ કરવાનું છે કે પર્યાયને નિર્મળ કરવાના વિકલ્પોમાં ફંસાયા વગર જ્ઞાનરૂપી દર્પણમાં દેખે કે તે ભગવાન આત્મા ત્રિકાળ નિર્મળ જ છે.

જેવી રીતે પાણીથી ભરેલા ગ્લાસમાં વધારે પાણી નાખવાથી તે છલકાઈને જમીન ઉપર પડે છે, કારણ કે ગ્લાસમાં ખાલી જગ્યા જ નહીં હોવાથી તે ગ્લાસમાં વધુ પાણી કેવી રીતે રહી શકે? તેવી રીતે જ્યારે આત્મા વર્તમાન દેહને છોડીને આગામી ભવની યાત્રા માટે પ્રયાણ કરે છે, ત્યારે વર્તમાન શરીર, ધન, સંપત્તિ વગેરે પદાર્થોને સાથે લઈને જતો નથી અને જઈ શકતો પણ નથી. તેને આત્માની નબળાઈ ન સમજવી જોઈએ કે આત્મા એટલો અશક્ત છે કે એક પદાર્થને પણ સાથે લઈને જતો નથી, પરંતુ આત્માની પરિપૂર્ણતાનો અહેસાસ થવો જોઈએ કે ભગવાન આત્મા અનંતગુણોથી પરિપૂર્ણ હોવાથી તેમાં ભૌતિક પદાર્થોનો પ્રવેશ થવાની રંચમાત્ર સંભાવના નથી.

**બાહ્ય ભૌતિક જડ પદાર્થોની વાત તો બહુ દૂર, અખંડ ભગવાન આત્માનો પ્રત્યેક પ્રદેશ જ્ઞાનરસથી પરિપૂર્ણ છે, ભગવાન આત્મામાં વિકલ્પોને પ્રવેશ કરવા માટે અવકાશ જ નથી.** અસંખ્યાત પ્રદેશોના મધ્યમાં કિંચિત્ પણ અવકાશ નથી, ખંડ નથી. અસંખ્યાત પ્રદેશ હોવા છતાં પણ ભગવાન આત્મા અખંડ છે, અનંત ગુણોથી યુક્ત હોવા છતાં ભગવાન આત્મા અભેદ છે, ત્રિકાળ અસ્તિત્વ હોવા છતાં ભગવાન આત્મા એક છે, આવા ભગવાન આત્મામાં વિકલ્પ પ્રવેશ કરી જ ન શકે.

વિકલ્પ સ્વયં જ્ઞાન સ્વભાવ રહિત હોવાથી અચેતન છે અને ભગવાન આત્મા જ્ઞાન સહિત હોવાથી ચેતન છે. જેવી રીતે આત્મા ઈન્દ્રિય અને મનથી ભિન્ન છે, તેવી રીતે આત્મા વિકલ્પથી પણ ભિન્ન છે. વિકલ્પ સ્વયં આકુળતારૂપ છે, ભગવાન આત્મા અનાકુળ સ્વરૂપ છે.

ધન જ્યારે આવવાનું હશે, ત્યારે જ આવશે એવા વિકલ્પોમાં ઉલઝવું તે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા નથી પરંતુ ધનની જ રૂચિ છે, ધનમાં જ સુખબુદ્ધિ છે. ખરેખર જગતની પ્રત્યેક પર્યાય ક્રમબદ્ધ છે, તો પણ જો જીવ કોઈ વિશિષ્ટ પર્યાયમાં જ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત ઘટિત કરે છે, તો તે જીવને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા નથી, પણ કોઈ પર્યાય વિશેષમાં વિશેષ સુખબુદ્ધિ છે. સૂક્ષ્મ દૃષ્ટિથી જોવાથી ક્રમબદ્ધપર્યાયથી પણ દૃષ્ટિ હટે અને અક્રમસ્વભાવી ભગવાન આત્મામાં જ દૃષ્ટિ કેન્દ્રિત થાય, એ જ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાનું યથાર્થ ફળ છે.

અનાદિકાળથી પર્યાયમાં પરિવર્તન કરવાની વૃત્તિ જ ત્રિકાળી જ્ઞાયકનો આશ્રય લેવામાં બાધક બને છે. પરંતુ જ્યારે જીવ પ્રત્યેક પર્યાયને ક્રમબદ્ધ જાણે છે ત્યારે પર્યાયથી સહેજે દૃષ્ટિ હટે છે અને જ્ઞાયકમાં સ્થિર થાય છે. **કોઈપણ કૃત્ય મહાન હોતું નથી કારણ કે કૃત્ય પોતે પર્યાય છે અને ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા કૃત્યરૂપ અનિત્ય પર્યાયથી ભિન્ન નિત્ય દ્રવ્ય છે.**

અધ્યાત્મમાર્ગમાં પ્રવેશ કરવા માટે સવારથી સાંજ સુધી આપે શું કર્યુ? તમે તે ક્રિયાઓનો હિસાબ લગાવો છો. તમે લખીને રાખો છો કે કેટલા સામાયિક કર્યા? કેટલા પ્રતિક્રમણ કર્યા? મેં કેટલા ઉપવાસ કર્યા? કેટલા તીર્થોની જાત્રા કરી? જ્ઞાની કહે છે કે ઉપરની બધી ક્રિયાઓના કાળે હું જ્ઞાયક છું, એવો અનુભવ કેટલીવાર કર્યો? હું જ્ઞાયક છું, શરીરની જડક્રિયાથી ભિન્ન છું, એવો વિચાર કેટલીવાર કર્યો? **હું જ્ઞાયક છું, એવી જાગૃતિ જ ધર્મ છે અને બેહોશી જ અધર્મ છે.**

જેમકે બાયોડેટામાં વ્યક્તિનું નામ અને કામ બંનેનું વર્ણન કરવામાં આવે છે. ત્યાં તેના કામ તો બધા બરાબર લખ્યા હોય, પરંતુ નામ ખોટુ


હું
જ્ઞાયક
છું,
એવી જાગૃતિ જ ધર્મ છે.

લખેલું હોય, તો તે માયા કહેવાય છે. એ જ પ્રમાણે અજ્ઞાની પોતાના દ્વારા કરવામાં આવેલી ઢગલાબંધ ક્રિયાઓને તો ગણાવી દે છે કે, મેં ઉપવાસ કર્યા, સામાયિક કર્યા, પ્રતિક્રમણ કર્યા. પરંતુ ત્યાં જેટલી પણ શરીરની ક્રિયાઓ થઈ હતી, તે ક્રિયાઓને પોતાની માને છે. આત્મા અને શરીરના ભેદજ્ઞાનના અભાવમાં તે બાહ્ય ક્રિયાકાંડને જ ધર્મની ક્રિયા માને છે. અજ્ઞાની શરીરના કાર્યોને આત્માના નામ ઉપર માનીને બહુ જ લાંબો-પહોળો બાયોડાટા બનાવીને બહુ મોટું છળ કરે છે, એ પણ એના નામ પર કે જેણે જાણવા-દેખવા સિવાય કોઈ પણ ક્રિયાકાંડ કર્યા જ ન હતા.

જો કે એ વાત પરમ સત્ય છે કે પ્રત્યેક જીવની વર્તમાન સ્થિતિ ભિન્ન-ભિન્ન છે. પ્રત્યેક જીવનું ધ્યેય તો એકમાત્ર પૂર્ણ વીતરાગી સર્વજ્ઞ પદની પ્રાપ્તિ કરવી એ જ છે. આપણે એ જ જોઈએ છીએ કે મહાવીર ભગવાન વર્તમાનમાં કેવા છે? પરંતુ મહાવીર ભગવાને અજ્ઞાન દશામાં સાધનાના પ્રારંભમાં શું કર્યુ હતું? તે તરફ આપણું ધ્યાન જતું જ નથી.

અજ્ઞાની જીવ સમ્યગ્દષ્ટીની બાહ્ય ક્રિયાઓને દેખીને બાહ્ય ક્રિયાઓને જ આદર્શ માનીને પોતાના જીવનમાં તે પ્રકારનું ચારિત્ર અપનાવવાને ધર્મનો પ્રારંભ માને છે. પરંતુ જ્ઞાનીની અંતરંગ પુરુષાર્થરૂપ સ્થિતિનો વિચાર પણ કરતો નથી. જ્ઞાનીઓએ ભેદવિજ્ઞાનના અભ્યાસના બળ ઉપર આત્મજ્ઞાન પ્રગટ કર્યુ હતું. સમ્યગ્દષ્ટીના જ નહીં, પરંતુ મુનિઓના પણ માત્ર બાહ્ય ચારિત્રને આદર્શ માનવું ન જોઈએ. વિષ્ણુકુમાર મુનિએ મુનિદશા છોડીને અકંપનાચાર્ય વગેરે ૭૦૦ મુનિરાજોના સંઘની રક્ષા કરી હતી, તે રક્ષાનું કાર્ય મુનિદશા પાળવા કરતાં તો હીન જ હતું, પરંતુ ક્રમબદ્ધપર્યાયની યોગ્યતાનુસાર મુનિની રક્ષા કરવાનો ભાવ તેમને આવ્યો.

ચોવીસ તીર્થંકરોના વર્તમાન જીવન-ચરિત્રને વાંચીને એ જ પ્રેરણા લઈએ છીએ કે તીર્થંકરોએ પણ મુક્તિની પ્રાપ્તિ માટે દીક્ષા અંગીકાર કરી હતી, માટે આપણે પણ દીક્ષા અંગીકાર કરવી જોઈએ. ત્યાં કોઈ તીર્થંકરના વર્તમાન જીવન ચરિત્રમાં તેમણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યુ હતું, એ વાતનો ઉલ્લેખ ન મળવાને લીધે અજ્ઞાની જીવ સમ્યગ્દર્શન સંબંધી વિચાર પણ

કરતો નથી અને સમ્યગ્દર્શનની મહિમા પણ જાણતો નથી. સત્ય તો એ છે કે બધા જ તીર્થંકરો પૂર્વભવથી જ સમ્યગ્દર્શનની સાથે મતિ-શ્રુતિ-અવધિ એમ ત્રણ જ્ઞાન સાથે જ જન્મ્યા હતા. કારણ કે સમ્યગ્દર્શન વગર તો તીર્થંકર પ્રકૃતિનો બંધ થતો જ નથી. **તેથી યાદ રહે કે તીર્થંકરાદિ મહાપુરુષોએ સાધનાની શરૂઆતમાં શું કર્યું હતું? એ જાણવું સાધક જીવો માટે વર્તમાનમાં વધારે ઉપયોગી છે.**

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સૌપ્રથમ જીવન નાની-નાની ઘટનાના કાળે હું સ્વયં જ્ઞાયક છું, એવો અભ્યાસ કરવો જોઈએ. જેમ કે કોઈ વ્યક્તિ તરવા માટે શીખવા ઈચ્છે અને સમુદ્રની મધ્યમાં જ જઈને પડે, તો નિશ્ચિતરૂપે તરી નહીં શકે. તે વ્યક્તિએ સમુદ્ર કિનારે જ તરવાનો અભ્યાસ કરવો જોઈએ. જેમ-જેમ તે પોતાના કાર્યમાં હોશિયાર થવા લાગે, તેમ-તેમ સમુદ્રના ઊંડાણમાં જઈને પણ તરી શકે છે. એ જ પ્રમાણે સાધકે પોતાના જીવનમાં ખાતા-પીતા, ઉઠતા-બેસતા, ચાલતા-બોલતા વગેરે કાર્ય કરતા-કરતા એ અભ્યાસ કરવો જોઈએ કે આ બધી ક્રિયાઓથી ભિન્ન હું જ્ઞાયક છું. **ભેદજ્ઞાનમાં પ્રવીણ થતા સાધક ઉપસર્ગ તથા પરિષહને પણ સહજરૂપે સ્વીકારે છે અર્થાત્ ઉપસર્ગ તથા પરિષહની તરફ પણ દૃષ્ટિ કરતા નથી અને એકમાત્ર જ્ઞાયકભાવમાં જ સ્થિર રહે છે.**

નિત્ય જ્ઞાયકની નિર્વિકલ્પ અનુભૂતિ વિના અજ્ઞાની, જગતની બધી જ પર્યાયનો સ્વીકાર કરી શકતો નથી. એક મહિલાના પતિ મરણ પથારી પર હતા અને પત્ની ધર્મનો અભ્યાસ કરતી હતી. પોતે ધાર્મિક થવાનો પ્રયાસ કરતી હતી. થોડા દિવસ પછી પતિનું મરણ થયું, પત્નીએ દ્રઢ સંકલ્પ કર્યો હતો કે પતિનું થાય તો પણ તે રડશે નહીં અને તે ઘટનાનો સ્વીકાર કરી લેશે. તેણે કરેલા સંકલ્પ અનુસાર પત્નીએ તે ઘટનાનો સ્વીકાર કરી લીધો. એક વાર પણ રડી નહીં. આખા સમાજે એ પત્નીને પત્થરદિલ અને ન જાણે શું-શું કહ્યું. પત્નીને સમાજના લોકોના શબ્દો તીરની જેમ વાગ્યા. તેણે પતિના મરણની ઘટનાનો તો સ્વીકાર કરી લીધો, પરંતુ સમાજ દ્વારા કહેલા શબ્દોનો સ્વીકાર ન કર્યો. સત્ય તો એ છે કે જ્ઞાયકનો સ્વીકાર થયા વિના જગતની સમસ્ત પર્યાયનો સહજ સ્વીકાર થઈ જ ન શકે.

ક્રમબદ્ધપર્યાયનું અધ્યયન કરીને એક વ્યક્તિએ પર્યાયનો સ્વીકાર કરવાનો અભ્યાસ કર્યો. એક દિવસ નોકરના હાથમાંથી કાંચનો ગ્લાસ નીચે પડીને ફૂટી ગયો. જ્યારે તે વ્યક્તિએ આ દેખ્યું તો સ્વીકાર કરી લીધો કે ગ્લાસનો ફૂટવાનો કાળ પાકી ગયો હતો, પરંતુ એ જ વખતે પત્ની નોકર ઉપર ખૂબ જ ગુસ્સો કરી રહી હતી. પતિ તો બસ પત્નીનો ક્રોધ સહન ન કરી શક્યો અને પત્ની આટલો ક્રોધ કેમ કરી રહી છે એમ વિચારીને પોતે પણ દુઃખી થયો. પતિએ ગ્લાસ ફૂટવાની ઘટનાનો તો સ્વીકાર કરી લીધો પરંતુ પત્નીના ક્રોધનો સ્વીકાર ન કર્યો. અહીં એવો પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે કે શું પતિનું કર્તવ્ય ન હતું કે તે પત્નીને સમજાવીને તેના ક્રોધને શાંત કરવાનો પ્રયાસ કરે? વાત એમ છે કે જ્ઞાનીને ક્યારેક પત્નીને સમજાવવાનો ભાવ પણ આવે, તો તે સમજાવવાના ભાવનો અને પત્નીના ક્રોધનો સ્વીકાર એવી જ રીતે થાય છે કે જેવીરીતે ફૂટેલા ગ્લાસનો સ્વીકાર થયો. **ભાઈ! પ્રત્યેક પર્યાય ક્રમબદ્ધ છે એવો સ્વીકાર તેને જ થઈ શકે છે, જેણે જ્ઞાયકનો સ્વીકાર કર્યો હોય.**

શ્રીમદ્ રાજચંદ્રજી ઘોડાગાડી બેઠા પહેલા તેના માલિકને કહેતા હતા કે જો તમે ઘોડાને ચાબૂક નહીં મારો તો જ હું ઘોડાગાડીમાં બેસીશ. અજ્ઞાનીને એવો પ્રશ્ન થઈ શકે છે કે જો ક્રમબદ્ધમાં ઘોડાએ ચાબૂક વડે માર ખાવાનું લખાયેલું હશે, તો માર ખાશે. શું શ્રીમદ્ રાજચંદ્રજીને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા ન હતી? હાં, શ્રીમદ્ રાજચંદ્રજીને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા પાક્કી હતી, એટલે તેઓ ઘોડા પ્રત્યે આવેલા કરૂણાના ભાવને પણ ક્રમબદ્ધમાં જાણતા હતા. તેઓ જાણતા હતા કે ગૃહસ્થની ભૂમિકામાં ઘોડાગાડી પર બેસવાની ક્રિયાની સાથે-સાથે ઘોડા ઉપર કરૂણાનો ભાવ આવે છે. જ્ઞાયકનો આશ્રય હોવાથી જ્ઞાનીને જ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા હોય છે. **શ્રીમદ્ રાજચંદ્રજીની દશા એ જ લોકોની સમજણમાં આવી શકે છે કે જેમને જ્ઞાયકનો અનુભવ થયો છે, જ્ઞાયકની અનુભવપૂર્વક શ્રદ્ધા થઈ છે.**

કેટલાક લોકો વર્તમાનમાં કોઈક સાધુના શિથિલાચારને જોઈને બહુ દુઃખી થાય છે. પરંતુ શિથિલાચારીના શિથિલાચારને જોઈને પણ દુઃખી

થવાની કોઈ જરૂર નથી. ભગવાન મહાવીરના નિર્વાણ પછી આ પંચમકાળમાં અત્યારે આ ભરતક્ષેત્રમાં અહીં આવા શિથિલાચારી સાધુનો યોગ અત્યંત સુલભ થશે, એવું અનંત કેવળજ્ઞાનીઓએ કેવળજ્ઞાનની અનંતાનંત પર્યાયમાં જાણ્યું હતું, જાણી રહ્યા છે અને જાણશે. કેવળજ્ઞાની, સાધુના શિથિલાચારનો સહજ સ્વીકાર કરે છે, તેથી પૂર્ણપદની પ્રાપ્તિના સાધક જીવ વસ્તુસ્થિતિને સુવ્યવસ્થિત જાણીને એક ક્ષણ માટે પણ વ્યર્થના વાદ-વિવાદમાં પડીને મનુષ્ય જીવનને વ્યર્થમાં વેડફતા નથી.

ભાવલિંગી મુનિને ચાલવાનો ભાવ પણ આવે છે અને ચાલતી વખતે જીવોની રક્ષાનો ભાવ પણ આવે છે. મુનિ બંને ભાવોને સહજરૂપે જાણે છે. કારણ કે જ્ઞાયકનો આશ્રય અને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા હોવાથી મુનિ જાણે છે કે, આ ભૂમિકામાં આવા ભાવ આવે છે.

સાર એ છે કે જ્યારે ક્ષણિક પર્યાય ક્રમબદ્ધપર્યાયની યોગ્યતાનુસાર જ્ઞાયકનો આશ્રય લે છે ત્યારે જગતની અનંતાનંત પર્યાયનો સ્વીકાર થાય છે. એક-એક પર્યાયનો સ્વીકાર કરવાથી ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર થતો નથી. વૃક્ષની એક-એક ડાળીને કાપવાથી તો વૃક્ષ વધારે ઘટાદાર થાય છે. ન તો વૃક્ષની ડાળીને કાપવાની નથી અને ન તો વૃક્ષના મૂળીયા કાઢવાના છે. બસ, વૃક્ષને પાણી મળતું બંધ થઈ જાય, તો વૃક્ષ સહેજે નાશ પામે છે. એ જ પ્રમાણે એક-એક પર્યાયનો સ્વીકાર કરવાનો અભ્યાસ કરવાનો નથી. **જ્યારે જીવ એકમાત્ર જ્ઞાયકનો આશ્રય લે છે અને પર્યાયદૃષ્ટિ છોડે છે, ત્યારે એક પર્યાયનો નહીં, પણ અનંતાનંત પર્યાયનો સહેજે સ્વીકાર થાય છે.**

અજ્ઞાનીને આજસુધી જ્ઞાયકની રૂચિ જ થઈ નથી. તે જ્ઞાયકના વિકલ્પોમાં સંતોષ પામીને અનુભૂતિથી દૂર રહ્યો છે. જ્યારે તે જ્ઞાયકનું ચિંતન કરે છે, ત્યારે જ્ઞાયકના વિકલ્પમાં સુખનો અનુભવ કરવા લાગે છે. વિકલ્પની જ અનુભૂતિના ફળમાં અજ્ઞાની અનિત્ય ભૌતિક પદાર્થોની જેમ જ્ઞાયકના અનિત્ય વિકલ્પમાં નિત્ય જ્ઞાયકના સુખને નહીં, પણ ક્ષણિક વિકલ્પના ક્ષણિક સુખને જ ભોગવે છે.

નિજ આત્મદ્રવ્યને પરદ્રવ્યથી સર્વથા ભિન્ન અને પર્યાયને કથંચિત્

(કોઈક અપેક્ષાએ) ભિન્ન કહી છે. જો પર્યાયને પરદ્રવ્યની જેમ સર્વથા ભિન્ન માની લેવામાં આવે, તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કદાપિ સંભવ નથી. પર્યાયને દ્રવ્યથી સર્વથા ભિન્ન માનવાથી તો પર્યાય પણ સ્વતંત્ર દ્રવ્ય થઈ જશે. આમ થવાથી પર્યાયનું અસ્તિત્વ જ નહીં રહે, તો સમ્યગ્દર્શનની પર્યાયનું અસ્તિત્વ પણ કેવી રીતે રહેશે?

જેમકે - શ્રદ્ધાગુણની પર્યાય શરીરથી સર્વથા ભિન્ન છે, તેથી જ્યારે શ્રદ્ધાગુણની પર્યાય શરીરમાં એકત્વ કરે છે, ત્યારે મિથ્યાદર્શનરૂપે પરિણમે છે. એ જ રીતે જો શ્રદ્ધાગુણની પર્યાય અને આત્મદ્રવ્ય સર્વથા ભિન્ન હોય તો જ્યારે શ્રદ્ધાગુણની પર્યાય આત્મદ્રવ્યમાં એકત્વ સ્થાપિત કરે તો પણ મિથ્યાદર્શનરૂપે જ પરિણમિત થાય. ખરેખર શ્રદ્ધા ગુણની પર્યાય આત્મદ્રવ્યમાં એકત્વ સ્થાપિત કરતા જ ત્યારે સમ્યગ્દર્શનરૂપે પરિણમિત થાય છે, કારણ કે **આત્મદ્રવ્ય અને આત્મદ્રવ્યની પર્યાયો આત્માથી સર્વથા ભિન્ન નથી, પરંતુ કથંચિત્ ભિન્ન છે. કથંચિત્ ભિન્ન શબ્દનો અર્થ થોડી ભિન્ન છે, એમ નહીં પણ કોઈક અપેક્ષાએ ભિન્ન છે, એમ જાણવું.**

એ જ કારણ છે કે પ્રત્યેક પરિણમન ક્રમબદ્ધ હોવા છતાં પણ પરદ્રવ્યમાં પરિવર્તન ન કરવાનો અને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરવાનો ઉપદેશ આપવામાં આવે છે અને **વ્યવહારની ભાષાનો પ્રયોગ કરીને એમ કહેવાય છે કે** આપણે જલ્દીમાં જલ્દી નિજ આત્માનું હિત કરી લેવું જોઈએ. જો આત્માનું હિત આજ નહીં કર્યું, તો ક્યારેય નહીં કરી શકો. કરો અથવા મરો, એમ તો નહીં, પણ મરણ આવે તે પહેલા કરી લો. આત્માનું હિત કરવાનો એકમાત્ર ઉપાય આત્માનો અનુભવ છે. જો આજે આત્માનો આશ્રય લીધો નહીં, તો કાલે લેવો પડશે. કાલે લીધો નહીં, તો અનંતકાળ પછી પણ આત્માનો જ આશ્રય લેવો પડશે કારણ કે આત્માના આશ્રય વિના તો મુક્તિ સંભવ જ નથી. તેથી એમ સમજી લો કે આત્માનું હિત કરવા માટે જ આ અમૂલ્ય મનુષ્યભવની પ્રાપ્તિ થઈ છે. જેમ દરિયામાં પડેલા મણિને બહાર નીકાળવાનું કામ અત્યંત દુષ્કર છે, તેમ વ્યર્થમાં ગુમાવેલો મનુષ્યભવ પાછો મેળવવો, એટલો જ દુર્લભ છે.

ધનનો લોલુપી અજ્ઞાની નિરંતર વિચારે છે કે જુવાની ચાલી જશે તો હું કમાણી ક્યારે કરીશ? તે એમ નથી વિચારતો કે જુવાનીની જેમ આવનારૂં ધન પણ જનારૂં છે. તેને જુવાની તો અનિત્ય લાગે છે, પરંતુ ધન નિત્ય લાગે છે. ખરેખર જુવાની પણ પર્યાય છે અને ધન પણ પર્યાય છે, બંનેય અનિત્ય છે. તે બંનેય પર્યાયોથી ભિન્ન હું ભગવાન આત્મા નિત્ય છું.

જ્યારે કોઈ વ્યક્તિ કહે કે મારે તમને એક કરોડ રૂપિયા આપવા છે, હું ક્યારે આવું? તમે કહેશો કે આજે? અત્યારે? તમે જાણો છો કે માણસના વિચારોનો શું ભરોસો? ક્યારે પલટાઈ જાય? જ્યારે બીજાના વિચારોની અનિત્યતાને જાણીને તમે એક  કરોડ રૂપિયા લેવા માટે દોડ લગાવો છો, ત્યારે શું તમને એ વિચાર આવે છે કે જેમ બીજાના વિચાર અનિત્ય છે, એ જ રીતે એક કરોડ રૂપિયાનો સંયોગ પણ અનિત્ય જ છે. મન હોય કે ધન હોય, બંનેય નિયમથી બદલાઈ જાય એવા જ છે. તેથી સમસ્ત પ્રકારની અનિત્યતાની અસારતા જાણીને એક માત્ર ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માની મહાનતાનો અનુભવ થતાં સમસ્ત પર્યાયોનો અકર્તાભાવ પ્રગટ થાય છે.

જ્યારે કોઈ જીવ સમ્યગ્દર્શનની પ્રાપ્તિના હેતુએ સાધનામાર્ગમાં પ્રવેશ કરે છે, ત્યારે તે વિચારે છે કે હું જગતના ભૌતિક વૈભવને પ્રાપ્ત કરીને સુખી થવાની ચાહતમાં હંમેશા નિષ્ફળ થયો છું, તેથી હવે તો મારા જીવનનું એક જ ધ્યેય છે કે મારે આત્માનું ધ્યાન જ કરવું છે, બીજું કશું જ નહીં. જ્ઞાની તેને સમજાવે છે કે તમે કહો છો કે મારે આત્માનું ધ્યાન જ કરવું છે. ત્યારે તમે પોતાને પર્યાય માનીને પુરુષાર્થ પ્રારંભ કરવાનો પ્રયાસ કરો છો, કારણકે ધ્યાન કરવાવાળી પર્યાય છે. તમે ધ્યાન કરવાવાળા નથી. પર્યાય ધ્યાન કરે છે. આ કથનનો આશય એ છે કે જ્યાં સુધી ધ્યાનની પર્યાયમાં એકત્વ રહેશે, ત્યાં સુધી ધ્યાનના વિષયભૂત આત્મદ્રવ્યમાં એકત્વ થઈ શકશે નહીં.


જ્ઞાયકનો આશ્રય નહીં હોવાને લીધે બાહ્ય વિષયોથી નિવૃત્તિ લઈને પણ જીવોનું આત્મહિત થઈ શકતું નથી. ધનવાન જેવી રીતે પૈસાની નોટોને ગણે છે, તેવી જ રીતે બાહ્યત્યાગી પોતાના શિષ્યોની સંખ્યાને ગણે છે. જ્ઞાયકસ્વભાવમાં એકત્વ ન હોવાને લીધે તેને પરપદાર્થો જ રૂચિકર લાગે છે.

જો કોઈ જીવ ક્રમબદ્ધપર્યાય ઉપર પ્રવચન સાંભળીને કહે કે ક્રમબદ્ધપર્યાયમાં રાગ ઉત્પન્ન થવાનો હશે તો થશે જ, હવે આપણે શું કરવાનું? જ્ઞાની કહે છે કે ક્રમબદ્ધપર્યાયની ચર્ચા સાંભળીને જ્ઞાયક સંબંધી પ્રશ્ન ન થવા અને રાગ સંબંધી જ પ્રશ્ન થવા, એ વાતને દર્શાવે છે કે તે જીવને વર્તમાનમાં જ્ઞાયકથી વધુ રાગની રૂચિ છે.

કોઈ જીવ પોતાના આત્મામાં ઉત્પન્ન થતા રાગાદિભાવોને ક્રમબદ્ધપર્યાયની યોગ્યતા માને છે અને બીજા જીવોમાં ઉત્પન્ન થતા રાગાદિભાવોને પુરુષાર્થની નબળાઈ માને છે, ત્યાં ક્રમબદ્ધપર્યાયની યોગ્યતા માનતો નથી. ખરેખર તે જીવની ક્રમબદ્ધપર્યાયની યોગ્યતા જ એવી હોય છે કે તે આવી જ રીતે ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતને ઘટિત કરે. આ જગત સુવ્યવસ્થિત જ છે, તો પણ અજ્ઞાનીજનોને જગત અવ્યવસ્થિત લાગે છે, તેથી તેઓ વ્યવસ્થિત જગતને વ્યવસ્થિત કરવાની કોશિષ કરે છે અને વ્યવસ્થિત જગતને વ્યવસ્થિત કરવાની કોશિષ જ અવ્યવસ્થિત છે. જોકે વ્યવસ્થિત જગતને વ્યવસ્થિત કરવાની કોશિષ પણ વિશ્વની વ્યવસ્થાનું એક સ્વરૂપ છે, તેથી તે પણ વ્યવસ્થિત છે. આ જગતમાં અવ્યવસ્થિત કંઈ પણ નથી. **જ્યારે ત્રિકાળી સત્ ભગવાન આત્માની અનુભૂતિ થાય છે, ત્યારે વ્યવસ્થિત જગતના સત્યનો સ્વીકાર થાય છે.**

ક્રમબદ્ધપર્યાયના સંબંધમાં શાસ્ત્રોનો અભ્યાસ કરીને પણ અજ્ઞાની કોઈક પર્યાયોને ક્રમવર્તી તથા કોઈ પર્યાયોને અક્રમવર્તી માને છે. કર્તૃત્વભાવથી પીડાતા અજ્ઞાનીને એમ લાગે છે કે પ્રત્યેક પર્યાયને ક્રમબદ્ધ અથવા ક્રમનિયમિત માની લઈશું તો પુરુષાર્થ શું કરશું? તેઓ એ વાતને સમજતા નથી કે પ્રત્યેક પર્યાય ક્રમબદ્ધ છે, એવો સ્વીકાર કરનારી શ્રદ્ધાગુણની પર્યાયનું શુદ્ધ પરિણમન જ પુરુષાર્થ છે. આના સંબંધમાં તેઓ પોતાનો મત આપે છે કે દસ રોટલીમાં પહેલી રોટલી ખાધા પછી કોઈ વ્યક્તિ બીજી રોટલી ન થાય અને ચોથી ખાય એમ બની શકે છે. તેઓ રોટલીની પર્યાયને અક્રમવર્તી માને છે.

તેઓ કહે છે કે સર્વજ્ઞ ભગવાને માત્ર એટલું જ કહ્યું છે કે તે વ્યક્તિ એક પછી એક રોટલી ખાશે. ભગવાને ક્રમનિયમિત તો કીધું છે, પરંતુ ક્રમબદ્ધ


જ્યારે
ત્રિકાળી સત્ ભગવાન
આત્માની
અનુભૂતિ થાય છે
ત્યારે
વ્યવસ્થિત જગતના
સત્યનો
સ્વીકાર થાય છે.

નથી કીધું. એ રીતે તેઓ ક્રમનિયમિત અને ક્રમબદ્ધ એવા શબ્દોમાં ગુંચવાઈને સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનમાં જણાયેલી બધી ક્રમબદ્ધપર્યાયનો નહીં, પરંતુ કેવળજ્ઞાનનો અસ્વીકાર કરે છે.

જ્ઞાની કહે છે કે સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનમાં અનંતકાળથી એ સુનિશ્ચિત જ હતું કે આ વ્યક્તિ પહેલી રોટલી પછી ચોથી રોટલી જ ખાશે. અજ્ઞાનીને અજ્ઞાનતાના કારણે ચોથી રોટલી બીજા ક્રમે આવવાથી કેટલીક પર્યાય અક્રમવર્તી લાગે છે. વસ્તુ સ્વરૂપ તો એવું છે કે જેવી રીતે ક્રમબદ્ધમાં ચોથી રોટલીનું ચોથા ક્રમ પર હોવાનું સુનિશ્ચિત છે, તેવી રીતે ક્રમબદ્ધમાં તે રોટલી બીજા ક્રમે ખવાશે, તે સુનિશ્ચિત હતું. તેથી ક્રમનિયમિત તથા ક્રમબદ્ધ એવા જુદાજુદા શબ્દોના પ્રયોગ કરીને કોઈક પર્યાયનો કર્તા પોતાને માનવો અને કોઈ પર્યાયનો અકર્તા પોતાને માનવો, એ તો પોતાની કર્તૃત્વબુદ્ધિને જ પુષ્ટ કરે છે. ક્રમનો અર્થ જ એક પછી એક એમ થાય છે, અને નિયમિત શબ્દ સુનિશ્ચિતતા-બદ્ધતાને જ બતાવનાર છે.

પ્રત્યેક દ્રવ્યથી ત્રિકાળવર્તી પર્યાય તે દ્રવ્યની સાથે અભેદ છે. એ પર્યાયોમાં કાળની અપેક્ષાએ જ અંતર છે. દ્રવ્યની વર્તમાન સમયની પર્યાય આવિર્ભૂત હોય છે, પ્રગટ હોય છે, જ્યારે ભૂતકાળ અને ભવિષ્યકાળની પર્યાયો તિરોભૂત હોય છે, અપ્રગટ હોય છે. જેમકે - એક આંગળીના ત્રણ વેઢામાંથી પહેલા વેઢામાં સૂતરનો દોરો, બીજા વેઢામાં ચાંદીનો દોરો અને ત્રીજા વેઢામાં સોનાનો દોરો બંદાયોલો હોય, ત્યાં ચાંદીનો અને સોનાનો દોરો ઢંકાયેલો હોય, તો એમ ન સમજવું જોઈએ કે ચાંદીનો અને સોનાનો દોરો આંગળીમાં બંધાયેલો નથી. એ જ પ્રમાણે આત્મામાં એક જ સાથે મિથ્યાજ્ઞાન, સમ્યગ્જ્ઞાન અને કેવળજ્ઞાનની પર્યાયો બંધાયેલી છે. અજ્ઞાન અવસ્થામાં મિથ્યાજ્ઞાનની પર્યાય આવિર્ભૂત છે, જ્યારે સમ્યગ્જ્ઞાન તથા કેવળજ્ઞાનની પર્યાયો તિરોભૂત છે. દ્રવ્યની સાથે મિથ્યાજ્ઞાન, સમ્યગ્જ્ઞાન તથા કેવળજ્ઞાનની પર્યાય ક્રમબદ્ધ અને સુનિશ્ચિત જ છે, તેથી કેવળી ભગવાનને પ્રત્યેક દ્રવ્યની ત્રિકાળવર્તી સમસ્ત પર્યાયો કેવળજ્ઞાનમાં જણાય છે. મિથ્યાજ્ઞાનની પર્યાયને સૂતરનો કાળો દોરો, સમ્યગ્જ્ઞાનની પર્યાયને

ચાંદીનો ઉજળો સફેદ દોરો અને કેવળજ્ઞાનની પર્યાયને કદીય કાળો ન પડે એવો સોનાનો સોનેરી દોરો કહ્યો છે. બધાય દોરાની આધારભૂત એક આંગળીને અખંડ આત્મદ્રવ્ય કહ્યું છે.

જેમ – મોતીની માળામાં પ્રત્યેક મોતી ક્રમબદ્ધ છે, કારણ કે મોતીનો આધારભૂત દોરો તો અખંડ એક જ છે. જે વ્યક્તિને એવી શ્રદ્ધા હોય છે કે દોરો કપાઈને ખંડિત નહીં થાય, તે વ્યક્તિને એવી શ્રદ્ધા હોય છે કે મોતીના ક્રમમાં પરિવર્તન થઈ શકે નહીં, બધાય મોતી ક્રમબદ્ધ જ છે. એ જ પ્રમાણે દ્રવ્યની બધીય પર્યાયો ક્રમબદ્ધ છે, કારણ કે પર્યાયનું આધારભૂત દ્રવ્ય તો અખંડ એક જ છે. જે જીવ ને એ શ્રદ્ધા હોય છે કે દ્રવ્ય ક્યારેય ખંડિત થતું નથી, એ જ વ્યક્તિને આ શ્રદ્ધા હોય છે કે પર્યાયના ક્રમમાં પણ પરિવર્તન થઈ શકતું નથી, બધીય પર્યાય ક્રમબદ્ધ જ છે.

જેવી રીતે મોતીની માળામાં એક પણ મોતી પોતાના સુનિશ્ચિત સ્થાનથી આગળ કે પાછળ થઈ શકતું નથી, મોતીની માળામાંથી એક પણ મોતી સુનિશ્ચિત સ્થાનથી બહાર જઈ શકતું નથી કે એક પણ અન્ય મોતી અંદર આવી શકતું નથી, તેવી રીતે દ્રવ્યના અનાદિ–અનંત પરિણમન ક્રમમાં એક પણ પર્યાય પોતાના સુનિશ્ચિત કાળથી આગળ કે પાછળ થઈ શકતી નથી, દ્રવ્યની અનાદિ–અનંત ક્રમબદ્ધપર્યાયમાંથી એક પણ પર્યાય સુનિશ્ચિત કાળથી બહાર જઈ શકતી નથી કે એકપણ અન્ય પર્યાય અંદર આવી શકતી નથી.

અજ્ઞાનીજનોને બાહ્યદૃષ્ટિ હોવાથી મોતી તો દેખાય છે, પરંતુ મોતીના ક્રમબદ્ધ હોવાનો આધારભૂત દોરો દેખાતો નથી, એ જ રીતે મિથ્યાદૃષ્ટીને પર્યાય તો જણાય છે, પરંતુ ક્રમબદ્ધપર્યાયનો આધારભૂત ભગવાન આત્મા જણાતો નથી.

**સમસ્ત દ્રવ્યની સમસ્ત પર્યાયો ક્રમબદ્ધ જ હોય છે, એ જાણવું વ્યવહાર છે. એવો વ્યવહાર જ્ઞાનીઓને હોય છે, જેમને હું અક્રમવર્તી ગુણોનો ઘનપિંડ આત્મદ્રવ્ય છું, એવો નિશ્ચય પ્રગટ્યો છે.** નિશ્ચય પ્રગટ્યા વગર વ્યવહાર હોઈ શકતો નથી. દરેક વસ્તુ ભેદાભેદાત્મક હોય છે. વસ્તુનો ભેદરૂપ અંશ પર્યાય છે અને અભેદ અંશ દ્રવ્ય છે. કાળનું પરિવર્તન થવાથી

વસ્તુમાં જે ભેદ ઉત્પન્ન થાય છે, તે પર્યાયાંશ છે અને કાળનું પરિવર્તન થવા છતાં પણ વસ્તુમાં જે અભેદ રૂપે ટકીને રહે છે, તે દ્રવ્યાંશ છે. પર્યાયમાં ભેદ હોય છે, પર્યાય ક્રમિક હોય છે. દ્રવ્ય અભેદ હોય છે, દ્રવ્ય અક્રમ હોય છે.

અનાદિ-અનંત ત્રિકાળ દ્રવ્યનું સ્વરૂપ કાળના પરિણમનથી બદલાતું નથી, તેથી અક્રમસ્વભાવી ત્રિકાળી દ્રવ્યનો એક સમયમાં નિર્વિકલ્પ અનુભવ થાય છે. જો કાળના પરિણમનથી દ્રવ્યના સ્વરૂપમાં પણ પરિણમન થાય, તો નિર્વિકલ્પ અનુભૂતિ થઈ શકે નહીં કારણ કે જીવને નિરંતર વિકલ્પની ઉત્પત્તિ થતી જ રહે.

**પર્યાયમાં તન્મય થઈને પર્યાયના ક્રમબદ્ધનો સ્વીકાર ક્યારેય થઈ શકતો નથી.** જ્ઞાની ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર કરે છે કારણ કે જ્ઞાયકભાવના બળ ઉપર જ્ઞાનીને પર્યાયથી ભેદદષ્ટિ પ્રગટ થઈ છે. જેવી રીતે કોઈ વ્યક્તિ બજારમાં કોઈ વસ્તુ ખરીદવા જાય છે. ત્યાં દુકાનદાર દ્વારા બતાવેલા ભાવનો સ્વીકાર કરે છે, તે ગ્રાહકને પોતાના પર્સમાં એટલા રૂપિયા છે, હું ધનપતિ છું, એ શ્રદ્ધાના બળ ઉપર ચિંતા કરવાની જરૂર જણાતી નથી. તે નિશ્ચિંત થઈને પૈસા ચુકવી દે છે. એ જ પ્રમાણે જ્ઞાની જ્ઞાયકભાવમાં એકત્વના બળ ઉપર જગતની પ્રત્યેક પર્યાયનો સ્વીકાર કરે છે. જ્ઞાયકની શ્રદ્ધાના બળ વિના કોઈ પણ પર્યાયનો સ્વીકાર થતો નથી, પરંતુ મિથ્યાદષ્ટી જે પર્યાયનો સ્વીકાર કરી લે છે, તે પર્યાયમાં જીવની સ્વાર્થવૃત્તિ જ કારણરૂપ છે.

વર્તમાન પર્યાયમાં ક્રોધ ઉત્પન્ન થાય છે, ત્યારે આત્મદ્રવ્ય ક્રોધની પર્યાય પાસે જતું નથી અને ક્રોધની પર્યાય પણ આત્મદ્રવ્ય પાસે આવતી નથી. આત્મદ્રવ્ય પોતાના સ્થાન પર સ્થિત છે અને પર્યાય પણ પોતપોતાના સ્થાન પર સ્થિત છે. જ્યારે કાળનું પરિણમન થાય છે, ત્યારે અનંતાનંત સુનિશ્ચિત પર્યાયોમાંથી એક આવિર્ભૂત પર્યાય તિરોભૂત થાય છે અને એક તિરોભૂત પર્યાય આર્વિભૂત થાય છે. કેવળી ભગવાન પ્રરૂપિત આ અદ્‌ભુત રહસ્ય છે કે જગતમાં સમસ્ત દ્રવ્યો તથા તેમની બધીય પર્યાયો પોતપોતાના સ્થાન પર જ સુનિશ્ચિત છે. **નિશ્ચિતનો સ્વીકાર કરવો, એ જ નિશ્ચિંત થવાનો ઉપાય છે.**

આત્મા ક્રોધાદિભાવોને ગ્રહણ કરતો નથી અને આત્મા ક્રોધાદિભાવોનો ત્યાગ પણ કરતો નથી. ક્રોધને ગ્રહણ કરવા માટે ક્રોધની પાસે જવું અનિવાર્ય છે અને ક્રોધને ત્યાગવા માટે ક્રોધથી દૂર જવું અનિવાર્ય છે. પ્રત્યેક પર્યાય પોતાના સ્થાન પર સ્થિત છે અને આત્મદ્રવ્ય પોતાના સ્થાન પર સ્થિત છે. તેથી આત્માનો ધ્રુવ સ્વભાવ સમસ્ત પર્યાયોથી અપ્રભાવિત ત્રિકાળ એકરૂપ જ હોય છે.

મિથ્યાત્વના કારણે અજ્ઞાની જીવ બે જુદા દ્રવ્યો ને એક માને છે અને એકરૂપે જ દેખે છે. તેના જ લીધે તે એક દ્રવ્યનો કર્તા કોઈ બીજા દ્રવ્યને માને છે. તે પાણી અને પાત્ર બંનેને એક સાથે જ દેખે છે અને બંનેની સ્વતંત્ર સત્તાને માનતો નથી, તેથી તે એમ પણ માને છે કે પાત્રના કારણે પાણીની સત્તા છે. આ પ્રકારની મિથ્યાત્વરૂપ માન્યતાનું પોષણ જીવ અને શરીરના સંબંધમાં કરે છે. તે જીવ અને શરીરને એક જ માને છે, તેથી શરીરના કારણે જીવનું અસ્તિત્વ છે, એમ પણ માને છે. શરીર બિમાર પડતા જ પોતાના અસ્તિત્વની ચિંતા થવા લાગે છે. એટલું જ નહીં, દીકરા-દીકરીનો મોહ પણ પોતાના શરીરનો જ મોહ છે. કારણ કે દીકરા-દીકરી પણ પોતાના શરીરના જ અંશો છે. જે વ્યક્તિએ એક કિલોગ્રામ મીઠાઈ ખાધી હોય, તે વ્યક્તિને તે મીઠાઈનો અંશ પણ રૂચિકર જ લાગે છે. અને જેને એક કિલોગ્રામ મીઠાઈમાં રૂચિ નથી, તે વ્યક્તિને મીઠાઈના અંશમાં પણ રૂચિ હોતી નથી. એ જ પ્રમાણે પોતાના શરીરમાં એકત્વ હોવાથી દીકરાના શરીરને પોતાનો અંશ માનીને મોહનો ભાવ ઉત્પન્ન થાય છે. જ્ઞાનીને પોતાના શરીરમાં જ મોહ રહ્યો નથી હોતો, તેથી દીકરા-દીકરીના શરીરમાં પણ મોહ થતો નથી. જ્ઞાનીને કોઈ પણ પરદ્રવ્યમાં મોહ થતો નથી.

ભૂતકાળની અનંત પર્યાયથી ભવિષ્યકાળની પર્યાય અનંતગણી વધારે અનંતાનંત હોય છે. પરંતુ વર્તમાન કાળની પર્યાય તો એક જ હોય છે. જ્યારે જીવ ભવિષ્યમાં સમ્યગ્દર્શન પ્રગટ કરવાના વિકલ્પમાં તન્મય થાય છે, ત્યારે વર્તમાન પર્યાયમાં જ્ઞાયકના નિત્ય અનુભવને છોડી ભવિષ્યના અનિત્ય વિકલ્પમાં તન્મય થઈને આકુળિત તથા દુઃખી થાય છે.

જેવો આગલા ક્ષણના વિકલ્પમાં ડૂબ્યો કે વર્તમાનમાં જ્ઞાયકનો અનુભવ છૂટયો. અહીં સુધી કે આવો જ્ઞાયકનો અનુભવ ભવિષ્યમાં અનંતકાળ સુધી થતો રહે, એવી ઈચ્છારૂપ વિકલ્પમાં પણ જ્ઞાયકનો અનુભવ છૂટી જાય છે. ભવિષ્યના સુખનો વિકલ્પ જ વર્તમાનના દુઃખનો નિર્માતા છે. ભૂતકાળ અને ભવિષ્યકાળના સુખને તો કેવળી ભગવાન પણ વર્તમાનમાં ભોગવી શકતા નથી. તેથી વર્તમાન પર્યાયમાં ત્રિકાળી જ્ઞાયકનો આશ્રય લઈને ભવિષ્યના સુખની કલ્પના ન કરવી, એ જ અનંતકાળ સુધી સુખી થવાનો ઉપાય છે.

જ્યારે તમે કહો કે હું ભગવાન આત્મા છું, ત્યારે એમ નહીં સમજવું કે હું ભગવાન આત્મા વિષે કહી રહ્યો છું. ત્યાં એ ભેદ અવશ્ય જાણવો જોઈએ કે વાણી સ્વયં પુદ્ગલ છે, વાણી બોલવાનો વિકલ્પ પણ જડ છે, પરંતુ હું ભગવાન આત્મા છું. પુદ્ગલ નામનું પરદ્રવ્ય મારી ઓળખાણ બતાવી રહ્યું છે. અંતરંગમાં એવો ભાવ ગ્રહણ થવો જોઈએ કે હું સ્વયં ભગવાન આત્મા જ છું.

ખરેખર વાણીમાં જ્ઞાયક તથા જ્ઞાયકની અનુભૂતિને સર્વથા વ્યક્ત કરવાનું સામર્થ્ય હોતું નથી. સમુદ્રનું વર્ણન કરવા માટે કોઈ વ્યક્તિ એક વાસણમાં સમુદ્રનું પાણી ભરીને અને કોઈ બીજા સ્થાનમાં જઈને લોકોને એ પાણી ચખાડીને બતાવી પણ શકે છે કે સમુદ્ર કેવો હોય છે. પરંતુ વાસણમાં રાખેલા પાણીમાં સમુદ્રની તરંગો ઉછળી શકતી નથી. સમુદ્રનું સર્વાંગ સ્વરૂપ વાસણમાં રાખેલા પાણી વડે વ્યક્ત થઈ શકતું નથી. એ જ પ્રમાણે આત્માનુભવી જ્ઞાનીઓની વાણીમાં આત્માનુભૂતિમાં પ્રગટ થવાવાળી અતીન્દ્રિય જ્ઞાન તથા અતીન્દ્રિય સુખની તરંગો ઉછળતી નથી. તેથી યાદ રહે કે આત્માનુભૂતિનું વર્ણન કરવું અને આત્માનુભૂતિ થવી, તે બંને અલગ-અલગ છે. એ જ રીતે આત્મા અને આત્માનુભૂતિ પણ અલગ-અલગ છે. આ કથનનો આશય એ છે કે આત્મા દ્રવ્ય છે, જે નિત્ય શાંતસ્વરૂપ છે, જ્યારે આત્માનુભૂતિ પર્યાય હોવાથી તેમાં નિરંતર તરંગો ઉછળતી રહે છે.

સાધક માટે એ જાણવું જેટલું અગત્યનું છે કે સમસ્ત પર્યાય ક્રમબદ્ધ છે, તેટલું જ એ જાણવું પણ અગત્યનું છે કે સમસ્ત ક્રમબદ્ધપર્યાયથી જુદો જ્ઞાયક જ હું છું. **જેમ નિશ્ચિતરૂપે સમસ્ત પર્યાય ક્રમબદ્ધ છે, તેમ નિશ્ચિતરૂપે ક્રમબદ્ધપર્યાયથી ભિન્ન જ્ઞાયક છે.**

માત્ર જીવદ્રવ્ય જ નહીં, અજીવ દ્રવ્યોની પર્યાય પણ ક્રમબદ્ધમાં સુનિશ્ચિત છે. પુદ્ગલાદિ અજીવ દ્રવ્યોમાં જ્ઞાન ન હોવા છતાં પણ તે દ્રવ્યોમાં અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ વગેરે ગુણો હોવાથી, તે દ્રવ્ય પણ ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય લક્ષણ યુક્ત હોવાથી, તેમને પોતાના પરિણમન માટે કોઈ પણ પરદ્રવ્યની જરા પણ અપેક્ષા નથી હોતી. સ્વસત્તાના આધારે એ દ્રવ્યોની ઉત્પાદ્ તથા વ્યયરૂપ વ્યવસ્થિત અવસ્થા થતી જ રહે છે. એ જ પ્રત્યેક દ્રવ્યની પર્યાયના ક્રમબદ્ધપણાને સિદ્ધ કરે છે.

અજ્ઞાનીને આત્માની રૂચિ તો હોય છે, પરંતુ પાંચ ઈન્દ્રિયોના વિષયોની હાજરીમાં જ્ઞાયકની ચર્ચા ગમે છે. સત્ય તો એ છે કે તેને જ્ઞાયકની નહીં, પરંતુ પાંચ ઈન્દ્રિયોના વિષયોની જ રૂચિ છે. જો કે પાંચ ઈન્દ્રિય વિજયી તો ભાવલિંગી મુનિરાજ જ હોય છે પરંતુ પાંચ ઈન્દ્રિયોના વિષયમાં સુખબુદ્ધિ છૂટ્યા વિના મુનિ થવાનું તો દૂર, સમ્યગ્દર્શન પણ પ્રગટ થઈ શકતું નથી. તેથી અનિત્ય વિષયભોગોની અસારતાનો નિર્ણય કરીને ભોગોના વિકલ્પોથી ઉદાસીન થવું, એ જ સાધકનું લક્ષણ છે.

વૈરાગ્યની જનની બાર ભાવનામાં સૌથી પહેલા ક્રમે અનિત્ય ભાવના અને અંતિમ ક્રમે ધર્મ ભાવના છે. બાર ભાવનાનો પાઠ તો આ જીવે અનેકવાર કર્યો, પરંતુ આજસુધી એ વિચાર ક્યારેય ન કર્યો કે અનિત્ય ભાવનાને પહેલા ક્રમે કેમ રાખી છે? **બાર ભાવનાઓના ક્રમનું રહસ્ય તો એ છે કે અનિત્યની અસારતાનો બોધ થયા વિના ધર્મ પ્રગટ થઈ શકતો નથી** અજ્ઞાની એક સ્થાને બેસીને ધ્યાન મુદ્રામાં ધર્મ પ્રગટ કરવા ઈચ્છે છે. તે પહેલા ધોરણમાં પાસ થયા વગર સીધો જ બારમા ધોરણમાં જવા ઈચ્છે છે, એ જ કારણ છે કે અનાદિકાળથી આજસુધી અજ્ઞાનીજનો અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરીને, અનેક શાસ્ત્રોને કંઠસ્થ કરીને પણ ધર્મ પામી શક્યા નથી.

સાધકે એ વાતનું ખાસ રાખવું જોઈએ કે કયા જીવને ધર્મ પ્રગટ થયો છે અને કયા જીવને ધર્મનું સ્વરૂપ પણ સ્પષ્ટ થયું નથી, તેનાથી મારે કોઈ પ્રયોજન નથી. **ગૃહિત મિથ્યાત્વરૂપી ઝેરને પીવાવાળા અન્ય જીવોના મિથ્યાત્વ પર નજર જવી, એ પોતાનો પ્રમાદ છે, તેમ છતાં પોતાને પ્રમાદ અને અપ્રમાદરૂપ અવસ્થાથી ભિન્ન ત્રિકાળી જ્ઞાયક માનવો, તે પોતાનું સમ્યક્ત્વ છે.** એ જ કારણ છે કે મુનિરાજ ક્યારેક ગૃહિત મિથ્યાત્વનું વર્ણન કરે પણ છે, તો પણ તેઓ પોતાને પ્રમત્ત કે અપ્રમત્ત અવસ્થાઓથી ભિન્ન જ્ઞાયક જ માને છે.

**''જ્ઞાની શુભાશુભ રાગાદિભાવોથી હંમેશા ઉદાસીન હોય છે અને નિજઆત્માનું રસપાન કરે છે.''** જે સમયે જ્ઞાનીને નિર્વિકલ્પ આત્માનુભૂતિ થાય છે, ત્યારથી લઈને જગતના સમસ્ત દ્રવ્ય તથા તેમની સમસ્ત પર્યાય સહિત નિજાત્મામાં ઉત્પન્ન થતાં વિકલ્પથી પણ જ્ઞાની ઉદાસીન હોય છે. લોકમાં જ્યાં-જ્યાં ભેદની કલ્પના કરાય છે, મનાય છે, આત્માનુભૂતિ થયા પછી તે સમસ્ત પરપદાર્થોના ભેદ જ્ઞાનીના શ્રદ્ધાનમાં વિલીન થઈ જાય છે. જેમ કે લોકમાં એવું મનાય છે કે દીકરો પોતાનો હોય છે, પરંતુ દીકરાની વહુ પોતાની હોતી નથી અથવા દીકરો તો ત્યાં સુધી જ પોતાનો હોય છે, જ્યાં સુધી તેની પત્ની નથી આવતી, પરંતુ દીકરી તો જીંદગીભર પોતાની દીકરી જ હોય છે. ક્યારેક-ક્યારેક ભેદવિજ્ઞાનરૂપ ચિંતન પણ ચાલે છે, પરંતુ અંતરંગમાં મન તર્ક આપે છે કે ભલે દીકરાને પારકો કહ્યો હોય, પરંતુ મારે રહેવાનું તો દીકરાની સાથે જ છે, તેથી દીકરાને પારકો કેવી રીતે માની શકાય? આ રીતે પોતાનો તર્ક જ પોતાનો ગુરુ બની જાય છે. એવી સ્થિતિમાં ગુરુના ઉપદેશની તેને કોઈ જરૂર જણાતી નથી. જ્ઞાની માને છે કે દીકરો હોય કે દીકરાની વહુ હોય, બંનેય પારકા છે. **પરપદાર્થોમાં ભેદની કલ્પના કરવી એ જ વિકલ્પ છે અને વિકલ્પમાં એકત્વ કરવું એ જ સંકલ્પ છે, મિથ્યાત્વ છે.**

જ્યારે કોઈ ભિક્ષુક ભોજન માટે, પેટનો ખાડો પૂરવા માટે પાંચ રૂપિયા પણ માંગે છે, ત્યારે અજ્ઞાની તેને અનેક પ્રશ્નો કરે છે કે કોણ છે? ક્યાંથી

આવ્યો છે? પરંતુ આજે જ જન્મેલા એક દિવસના પોતાના દીકરાના નામ પર કરોડો રૂપિયાની સંપત્તિ આપીને જાય છે. ત્યાં એ વિચાર નથી કરતો કે આ દીકરો ક્યાંથી આવ્યો છે? કયા ભવમાંથી આ ભવમાં આવ્યો છે? ધનનો સદુપયોગ કરશે કે દુરૂપયોગ કરશે? સત્ય તો એ છે કે મોહસક્તિમાં તરબોળ જીવને મોહના વિષયભૂત પત્ની-પુત્ર-પરિવાર વગેરે માટે આખું જીવન અને જીવનમાં કમાયેલુ ધન પણ આપી દેવામાં કોઈ પણ જાતનો વિકલ્પ ઉત્પન્ન થતો નથી.

સાધકે યાદ રાખવું કે જ્યારે આંખ બંધ થશે, ત્યારે મૃત્યુની ઘડીએ એક સમય માટે પણ એવો ભાવ ઉત્પન્ન ન થાય કે આ જગતમાં મારું કંઈ છે અને તે મારાથી જુદું થઈ રહ્યું છે અથવા હું કોઈ પોતાનાથી જુદો થઈ રહ્યો છું. સમાધિના તે અવસરે દીકરાને પાસે બોલાવી તેના કાનમાં કંઈ કહેવા કરતા પૂર્વે સાંભળેલા ગુરુના વચનોનું ચિંતન-મનન કરવું, એ જ શ્રેષ્ઠ છે. આખું જીવન જે અનિત્ય સંબંધોમાં વ્યતીત કર્યુ અને વ્યર્થમાં ગુમાવ્યું, હવે એક ક્ષણ માટે પણ પરના વિકલ્પોમાં ગુંચવાઈને વેડફવા યોગ્ય નથી.

જે વિદ્યાર્થીએ આખા વર્ષ દરમિયાન અભ્યાસ કર્યો ન હોય, તે વિદ્યાર્થી એ પરીક્ષાના હોલમાં પહોંચે ત્યાં સુધી પરીક્ષાના દિવસે પણ બહુ જ મહેનત કરવી પડે છે. અહીં સુધી કે અભ્યાસ પરીક્ષાનું પ્રશ્નપત્ર હાથમાં ન આવે, ત્યાં સુધી વાંચવું પડે છે. મૃત્યુ અંતમાં એટલે જ આવે છે કારણ કે પરીક્ષાએ તો અંતમાં જ આવવાનું હોય છે. વિચાર કરો! આખા જીવનમાં જ્ઞાયકના સંસ્કાર કેટલા દ્રઢ થયા છે અને અનિત્યની અસારતા કેટલી સમજાણી છે.

જ્ઞાયક સિવાય બધું જ પર છે, તેથી કોઈપણ પારકામાં પોતાપણું કરવું તે અનંતકાળ માટે સ્વભાવથી દૂર જ જવા જેવુ છે. યાદ રહે, જે પણ પારકું છે તે અનિત્ય છે, ભગવાન મહાવીર પણ મારા માટે પર છે, તેથી અનિત્ય છે. અનિત્યમાં ન અટકવાનો ઉપદેશ એ વાતને બતાવે છે કે આપણે પર પરમાત્મામાં પણ અટકવાનું નથી. ભગવાન મહાવીરની રૂચિ પણ પરની જ રૂચિ છે. જેમને જ્ઞાયકની રૂચિ હોય છે, તેમને ભગવાન મહાવીરની પણ રૂચિ હોતી નથી. એનો અર્થ એમ નથી કે સમ્યગ્દષ્ટીને ભગવાનની ભક્તિનો

ભાવ આવતો નથી. સમ્યગ્દષ્ટીને મહાવીર ભગવાન અને મહાવીર ભગવાન પ્રત્યે આવતા ભક્તિના શુભરાગમાં રૂચિ હોતી નથી, એકત્વ હોતું નથી. જ્ઞાનીને તો જ્ઞાયકમાં જ રૂચિ હોય છે, જ્ઞાનીનું એકત્વ જ્ઞાયકમાં જ હોય છે.

**પરમાણુ માત્રમાં પણ પોતાપણું ન રહે એવી અભૂતપૂર્વ સ્થિતિ તો ત્યારે જ પ્રગટ થઈ શકે છે, જ્યારે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકનો અનુભવ થાય.**

કીડી ઉપર પગ મૂકવાથી જો તે આત્માનું મરણ થઈ જતું હોત, તો મારે ધર્મ કરવાની કોઈ જરૂર જ ન પડત. કારણ કે હું પણ આત્મા છું, તેથી કોઈ મને પણ મારી દેશે અને જ્યારે હું પોતે જ નહીં રહુ, તો મારો ધર્મ કેવી રીતે રહેશે? તેથી સર્વપ્રથમ એ જાણી લેવું જોઈએ કે હું સ્વયં ભગવાન આત્મા છું, મારું કદી પણ મરણ નથી અને મારા ધર્મનું પણ ક્યારેય મરણ નથી. એવા તત્ત્વવિચારમાં એકાગ્ર થઈને જ્ઞાયકનો અનુભવ થાય છે, ત્યારે જીવ સહેજે સ્થિરદશા પામે છે, ત્યારે કીડી વગેરે જીવ-જંતુ ઉપર પગ મૂકવાનો પ્રસંગ પણ બનતો નથી અને આત્માનું મરણ તો થતું જ નથી. આશય એ છે કે નિજ આત્મદ્રવ્યની નિત્યતાનો સ્વીકાર થાય, તો જ બીજા જીવોની નિત્યતાનો સ્વીકાર થઈ શકે છે. આત્મદ્રવ્યની નિર્વિકલ્પ અનુભૂતિ પહેલા જો કોઈ જીવ સ્વચ્છંદી થઈને પાપમાં પ્રવૃત્ત થાય, તો તે જીવ ભવ-વનમાં પરિભ્રમણ કરે છે.

સમજણ ક્યારેય સમજદારથી મહાન ન હોઈ શકે. કારણ કે સમજણ પોતે પર્યાય છે અને સમજદાર દ્રવ્ય છે. જ્યારે કોઈ વિષય તમારી સમજણમાં ન આવે, ત્યારે થોડી બેચેની થાય છે, પરંતુ તે સમયે એવી જાગૃતિ રહેવી જોઈએ કે ક્ષયોપશમજ્ઞાનમાં કોઈ વાત ન સમજાય તો નિરાશ થવાની જરૂર નથી. હું પોતે પરિપૂર્ણ ભગવાન આત્મા છું. હું પોતે પારિણામિકભાવ સ્વરૂપ પરમાત્મા છું.

ક્ષયોપશમજ્ઞાન ક્ષાયોપશમિકભાવ છે, જ્યારે કેવળજ્ઞાનરૂપ ક્ષાયિકભાવથી ભિન્ન ત્રિકાળ મારું સ્વરૂપ છે, તો ક્ષાયોપશમિકભાવમાં સંતોષાઈને પોતાને ભૂલી જવો, એ તો અનંત સંસારનું જ કારણ છે. ક્ષાયિકભાવ પણ કર્મોપાધિજન્ય ભાવ છે, તો ક્ષાયોપશમિકભાવ કર્મોપાધિ

રહિત ભાવ કેવી રીતે હોઈ શકે? હું જ્ઞાયક છું, એવો અનુભવ કરનારી નિર્વિકલ્પ પર્યાય પણ મારું વાસ્તવિક સ્વરૂપ નથી, તો પછી હું જ્ઞાયક છું એવી વિકલ્પરૂપ પર્યાય મારું સ્વરૂપ કેવી રીતે હોઈ શકે? આશય એ છે કે શાસ્ત્ર સ્વાધ્યાય કર્યા પછી કેટલું યાદ રાખ્યું એ વાતનું એટલું મહત્ત્વ નથી, પરંતુ શાસ્ત્રના શબ્દોનો ભાવ ગ્રહણ કરીને જ્ઞાયકમાં સ્થિર થવું, એ જ શાસ્ત્ર સ્વાધ્યાયનું ખરું ફળ છે. જો કે સમસ્ત પર્યાય ક્રમબદ્ધ છે, તો પણ દ્રવ્ય કરતા તો મહાન નથી. જેમ કે એક મા ને ત્રણ દીકરા છે. તે ત્રણેય દીકરાના જન્મ ક્રમબદ્ધ જ થયા છે. ત્રણેય દીકરા એક પછી એક એમ ક્રમબદ્ધ જ જન્મ્યા છે, તો પણ તે દીકરાઓ પોતાની મા કરતા તો મહાન નથી. એ જ પ્રમાણે આત્માની ત્રિકાળવર્તી અનંત પર્યાય એક પછી એક એમ ક્રમબદ્ધ જ થાય છે, તેમ છતાં તે પર્યાયો આત્માથી મહાન નથી.

જો કે પર્યાય દ્રવ્ય કરતા મહાન હોતી નથી, કારણ કે પર્યાય અનિત્ય છે અને દ્રવ્ય નિત્ય છે. તેમ છતાં પણ જ્યારે પર્યાય નિજ આત્મદ્રવ્યનો આશ્રય લે છે, ત્યારે તે પર્યાય દ્રવ્યમાં અભેદ થઈ જાય છે, એમ કહેવામાં આવે છે. પર્યાય પણ એટલી જ મૂલ્યવાન થઈ જાય છે જેટલું દ્રવ્ય. કારણ કે નિર્વિકલ્પ અનુભૂતિના કાળે દ્રવ્ય તથા પર્યાય સંબંધી ભેદરૂપ વિકલ્પ સમાપ્ત થઈ જાય છે.

જેવી રીતે કોઈ વ્યક્તિએ એક સો રૂપિયાના વસ્ત્ર ખરીદ્યા. તે વસ્ત્રનું મૂલ્ય એક સો રૂપિયા છે. પરંતુ જ્યારે તે વ્યક્તિ તે વસ્ત્રને પહેરે છે, ત્યારે તે વસ્ત્રનું મૂલ્ય એટલું જ થઈ જાય છે, જેટલું શરીરનું મૂલ્ય. ત્યાં રસ્તામાં કોઈ વ્યક્તિ તેને કહે કે હું તમને એક હજાર રૂપિયા આપું છું, આ વસ્ત્ર ઊતારીને મને આપી દો, તો પણ તે આપશે નહીં. અહીં શરીરને દ્રવ્ય તથા વસ્ત્રને પર્યાયની ઉપમા આપવામાં આવી છે. તેવી રીતે જે પર્યાય આત્મદ્રવ્યનો આશ્રય લે છે તે પર્યાય પણ દ્રવ્યની અનુભૂતિરૂપે પરિણમિત થાય છે, તેથી એ પર્યાયને પણ કોઈ અપેક્ષાએ દ્રવ્ય જ કહેવામાં આવે છે.

પર્યાય એક સમયની હોય છે અને દ્રવ્ય ત્રિકાળી હોય છે. ત્રિકાળી દ્રવ્ય એક સમયની પર્યાયમાં કેવીરીતે અનુભવમાં આવી શકે? અનંતકાળમાં

જેનું અસ્તિત્વ છે, એવું વિરાટ દ્રવ્ય એક સમયની પર્યાયમાં અનુભવમાં આવી શકે છે, કારણ કે એક સમયની પર્યાયમાં દ્રવ્યનું જે ત્રિકાળ એક સ્વરૂપ છે તે અનુભવમાં આવે છે. **એક પર્યાયમાં એક દ્રવ્ય સ્વભાવ જ અનુભવમાં આવે છે.** તે સમયે પર્યાય પોતે નિર્વિકલ્પ દ્રવ્યસ્વભાવની અનુભૂતિના ફળમાં નિર્વિકલ્પ થઈ જાય છે. એ જ રીતે આગલા સમયની પર્યાયનો વિષય નિર્વિકલ્પ દ્રવ્યસ્વભાવ જ હોય છે. દ્રવ્યસ્વભાવ એક જ હોવાથી દ્રવ્યને અક્રમ સ્વભાવી અને પર્યાય નિરંતર પરિણમિત થતી હોવાથી પર્યાયને ક્રમબદ્ધ કહેવાય છે.

**પર્યાયના ક્રમબદ્ધ હોવાની સુનિશ્ચિતતા શ્રદ્ધામાં સ્થાપિત થયા બાદ પર્યાયને જાણવા-દેખાવાની ઉત્કંઠા તેમજ આકુળતા સમાપ્ત થઈ જાય છે.**

જેમ કે આજથી થોડા વર્ષો પહેલા ક્રિકેટની મેચ દેખવા માટે લોકો પાગલ થતા હતા, પરંતુ જ્યારથી ક્રિકેટમાં મેચ-ફિક્સીંગનો મુદ્દો બહાર આવ્યો કે લોકોને ક્રિકેટ મેચ દેખવાની રૂચિ જ રહી નહીં અને લોકો પોતપોતાના કાર્યમાં વ્યસ્ત રહેવા લાગ્યા. જો કે લોકો કહે છે કે અમે દેખવા જઈએ છીએ, પરંતુ તેઓ માત્ર મેચ દેખવા જ જતાં નથી, પણ રાગ-દ્વેષ કરવા જાય છે. દેખવામાં દોષ નથી, કારણ કે જાણવું-દેખવું તો આત્માનો સ્વભાવ છે.

એ જ પ્રમાણે જ્યારે જીવને શ્રદ્ધાન થાય છે કે જગતની બધી પર્યાયો ક્રમબદ્ધ છે, સુનિશ્ચિત છે, એ પર્યાયોમાં પરિવર્તન કરવું અસંભવ જ છે, ત્યારે જીવને જગતનું પરિણમન જોવાની રૂચિ છૂટી જાય છે અને આત્મા નિજસ્વભાવમાં પોતાના કાર્યમાં સ્થિત થાય છે. કારણ કે આ જગતમાં પર્યાય અને દ્રવ્ય સિવાય અન્ય કંઈ પણ નથી. તેથી જેવી જીવની દૃષ્ટિ પર્યાયથી હટે છે, કે તે જ સમયે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય છે. પર્યાયદૃષ્ટિનો વ્યય તથા દ્રવ્યદૃષ્ટિનો ઉત્પાદ એક જ સમયમાં થાય છે.


નિર્વિકલ્પ આત્માનુભૂતિમાં વ્યસ્ત તથા અતીન્દ્રિય સુખના ઉપભોગમાં મસ્ત જ્ઞાનીઓને જગતના પરિણમનના કારણે આકૂળતા થતી નથી. કેવળજ્ઞાન પ્રગટ થયા પછી આખું જગત જ્ઞાનમાં સહેજે જણાય છે. જાણવું

એ દોષ નથી, પરંતુ તેમાં રાગ-દ્વેષ થવા તે દોષ છે. ભગવાન નિર્દોષ છે કારણ કે ભગવાન વીતરાગી છે. જ્ઞાનસ્વભાવી ભગવાન આત્માના આશ્રયે પ્રગટ થવાવાળી કેવળજ્ઞાનની યાત્રા અને અનંતકાળ સુધી ચાલનારી જાણવા-જાણવારૂપ જ્ઞાનની યાત્રાના કાળે જે ક્યારેય યાત્રા કરતો નથી, એ જ્ઞાયક જ હું છું.

''ક્રમબદ્ધ પુરુષાર્થ'' નામની આ કૃતિનું ધ્યેય એ છે કે દ્રવ્યદૃષ્ટિ તથા દ્રવ્યદૃષ્ટિનું ફળ, એમ બંનેય પર્યાયો છે, એ પર્યાયોના કારણે મારું અસ્તિત્વ નથી.

**હું ત્રિકાળી ધ્રુવ**
**ભગવાન આત્મદ્રવ્ય જ છું.**

## હું તો જ્ઞાયક જ છું.






# મુખપૃષ્ઠ પરિચય


મુખપૃષ્ઠ પર ચિત્રિત ઘડિયાળમાં એકથી બાર સુધી, ફરી એકથી બાર સુધી, એ રીતે વારંવાર એકથી બાર સુધી અંક દર્શાવ્યા છે. તે ક્રમબદ્ધ અંક પ્રત્યક પર્યાયની ક્રમનિયમિતતાને સૂચવે છે.

આપે દેખ્યું હશે કે દુકાન કે ચિત્રમાં સ્થિત ઘડિયાળમાં દસને દસ (૧૦:૧૦)નો સમય બતાવવામાં આવે છે. તેનો આકાર '' ﹀ '' જેવો હોય છે, જો કે '' ﹀ '' for ''Victory'' નો સૂચક છે, 10x10=100% સફળતા પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે. બાહ્ય વ્યવહાર તો કાંટાવાળી ઘડિયાળના આધારે ચાલે છે, જ્યારે અંતરંગમાં આત્માની પર્યાયનું પરિણમન તો સહજ જ થાય છે, તેથી અહીં કાંટાને બતાવ્યા નથી.

બાહ્યમાં ઘડિયાળમાં કાંટા હોય છે, ફૂલ નથી હોતા. તેથી તો લોકો પૂછે છે કે કેટલા વાગ્યા? ઘડિયાળમાં તો વાગે છે, આટલો સમય પરપદાર્થમાં વેડફાઈ રહ્યો છે, એવો ખેદ વર્તતા હૃદયમાં કાંટા વાગવા જોઈએ. તેમ છતાંય વર્તમાન કાળને હીન માનીને નિરાશ થવાની કોઈ જરૂર નથી, કારણ કે કાળ તો છઠ્ઠું અંતિમ દ્રવ્ય છે, તેથી અંતિમ ઉપર આરોપ ન લગાવીને પહેલા જીવ (નિજ શુદ્ધાત્મા) દ્રવ્યનો આશ્રય લેવો જોઈએ.

ચિત્રમાં કાળચક્રના મધ્યમાં આત્મા વિરાજમાન છે, જે દર્શાવે છે કે આત્મામાંથી ક્રમાનુસાર પર્યાય ઉત્પન્ન થાય છે, તો પણ તે પર્યાયો આત્માથી બહાર, આત્માથી ભિન્ન છે.

આત્માને લાલ રંગમાં સૂક્ષ્મ અને આત્માની ક્રમબદ્ધપર્યાયોને કાળા રંગમાં સ્થૂળ બતાવી છે. આશય એ છે કે પર્યાયની કાલિમા ઉપર દ્રષ્ટિ કેન્દ્રિત ન કરીને જ્ઞાયક સ્વભાવ ઉપર દ્રષ્ટિ કેન્દ્રિત થતાં પુરુષાર્થ પ્રારંભ થાય છે.




## પંડિત ફૂલચંદ શાસ્ત્રી
## દ્વારા લખાયેલી
# મહત્વપૂર્ણ કૃતિઓ

- આત્મસિદ્ધિ અનુશીલન (ગુજ.)
- મહાવીરનો વારસદાર કોણ? (ગુજ.)
- ક્ષણિકનો બોધ અને નિત્યનો અનુભવ (ગુજ.)
- આતંકવાદમાં અનેકાંતવાદ (ગુજ.)
- મરણનું હરણ (ગુજ.)
- મને ન મારો (ગુજ.)
- જ્ઞાનથી જ્ઞાયક સુધી (ગુજ.)
- આમ જ હોય (ગુજ.)
- પુણ્યવિરામ (ગુજ., હિન્દી)
- જ્ઞાયકભાવ પ્રકાશક-સમયસાર ટીકા (ગુજ., અંગ્રેજી)
- ગુણાધિપતિ આત્મા (ગુજ., હિન્દી, અંગ્રેજી)
- અંક અંકિત અધ્યાત્મ (ગુજ., હિન્દી, અંગ્રેજી)
- ज्ञान से ज्ञायक तक (हिन्दी)
- क्षणिक का बोध और नित्य का अनुभव (हिन्दी)
- मरण का हरण (हिन्दी)
- महावीर का वारिस कौन? (हिन्दी)
- आतंकवाद में अनेकांतवाद (हिन्दी)
- मुझे मत मारो (हिन्दी)
- छहढाला-षट्पद विवेचन (हिन्दी)
- क्रमबद्ध पुरुषार्थ (हिन्दी)
- Tree of Jainism Theory (Eng.)
- Who is Lord Mahavir's Successor? (Eng.)
- Self Realization - A Deep Study (Eng.)
- End of Auspicious Karma (Eng.)
- Don't Kill Me (Eng.)
- Multiple viewpoints on terrorism
- Wisdom of the Transient and Realization of the Eternal (Eng.)
- Jangan Bunuh Saya (Indonesian)

પંડિત ફૂલચંદ શાસ્ત્રી વર્તમાનમાં જૈન તથા જૈનેત્તર સમાજમાં સુપ્રસિદ્ધ તાર્કિક વિદ્વાન, દાર્શનિક, લેખક, પ્રવચનકાર તથા ભાષાશાસ્ત્રી છે. આપ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, પ્રાકૃત, મરાઠી, ઈન્ડોનેશિયન, બતાક, મલય, જાપનીઝ, ચાઈનીઝ, મેંડેરીન, થાઈ, તાગાલોગ, ફિલિપિનો વગેરે અનેક ભાષાઓના વિશેષજ્ઞ છો.



આપે દેશ સહિત અનેકવાર વિદેશ યાત્રાઓ કરીને વિશ્વની વિવિધ ભાષાઓમાં ૨૬૦૦૦ થી પણ વધુ પ્રવચનો અને પુસ્તકોના માધ્યમથી વીતરાગી ભગવાન દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનનો પ્રચાર-પ્રસાર કર્યો છે. આપના ઓડિયો-વિડિયો પ્રવચનો તથા પુસ્તકો www.fulchandshastri.com પર ઉપલબ્ધ છે. આપના પ્રવચનો તથા પુસ્તકોથી પ્રેરિત થઈને લગભગ ૪૦ દેશોમાં ૨૦૦૦ થી પણ વધુ વિદેશીઓએ શાકાહારમાં પરિવર્તન કર્યું છે.

પંડિત ફૂલચંદ શાસ્ત્રીનો જન્મ પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજીસ્વામીની જન્મભૂમિ ઉમરાળા (ગુજરાત)માં શનિવાર, ૨૫ જુલાઈ, ૧૯૮૧ ના શુભદિને એક ધાર્મિક પરિવારમાં થયો હતો. આધ્યાત્મિક યુગપુરૂષ પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજીસ્વામીના અનન્ય શિષ્યરત્ન ડૉ. હુકમચંદજી ભારિલ્લ, આપના વિદ્યાગુરૂ છે.

આપ આધ્યાત્મિક સાધના કેન્દ્ર, ઉમરાળાના સંસ્થાપક તથા ફૂલચંદ શાસ્ત્રી એજ્યુકેશનલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ છો.

MULTY GRAPHICS
(022) 23873222 23884222